પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૩૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૬-૧૦-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 38 PRICE :-RS. 1.50 DATE : 06-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# નવા CM પટેલના આવતા જ ગાંધીનગરમાં ભગવો લહેરાયો

## ગાંધીનગર મહાનગરપાલિકાની ૪૪ બેઠકનું પરિણામ જાહેર ભાજપ ૪૧ બેઠક કોંગ્રેસને ૦૨ બેઠક અને આમ આદમી પાર્ટીને ૦૧ બેઠક મળી



ગાંધીનગર,
ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પટેલ-પાટીલ માટે એક ટેસ્ટ સમાન માનવામાં આવે છે. આ ચૂંટણીનાં પરિણામ ભાજપની આગળની રણનીતિ નક્કી કરશે. ૩ ઓક્ટોબરના રોજ ૫૬ ટકા મતદાન થયું હતું. આજે સવારે ૯ વાગ્યાથી પાંચ કેન્દ્ર પર મતગણતરી શરૂ કરવામાં આવશે. આ પાંચેય કેન્દ્ર પરથી મનપાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકનાં પરિણામ બપોર સુધીમાં સ્પષ્ટ થઈ જશે. એ માટે ચૂંટણીતંત્ર દ્વારા કર્મચારીઓને ટ્રેનિંગ પણ આપી દેવામાં આવી છે. વોર્ડ નંબર ૧ (સેક્ટર - ૨૫,૨૬ અને રાંધેજા) તેમજ વોર્ડ નંબર ૨ (જીઈબી કોલોની, આદિવાડા, ચરેડી, પેથાપુર) માટે સેક્ટર ૧૫ની ગવર્નમેન્ટ સાયન્સ કોલેજમાં ૪૦થી વધુ ઈફ્રૅ મશીનમાં કેદ મતોની મતગણતરી કરાશે, જેમાં ૭૦થી વધુનો સ્ટાફ રહેવાનો છે, જ્યારે વોર્ડ નંબર - ૩(સેક્ટર - ૨૪,૨૭, ૨૮) અને વોર્ડ નંબર - ૪(સેક્ટર - ૨૦, ૨૯, જીઈબી છાપરા, પેથાપુર કસબો, પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકૂવા, લવારપુર/ શાહપુર ટીપી - ૨૫)ની મતગણતરી સેક્ટર - ૧૫ આઈઆઈટીઈમાં ૪૮ ઈફ્સ્ની મતગણતરી કરાશે. એ જ રીતે વોર્ડ નંબર - ૫(સેક્ટર -૯,૧૦, ૧૦બી, ૧૦B, ૧૮,૧૯, ૨૦,૨૧, ૨૨,૨૩, ૨૯,૩૦) અને વોર્ડ નંબર-૬ (સેક્ટર- ૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭, ફતેપુરા, ગોકુળપુરા, વાવોલના કુબેરનગર, તળાવ પાસેના છાપરા) માટે સેક્ટર - ૧૫ કોમર્સ કોલેજમાં ૪૭ ઈફ્સ્ની મતગણતરી કરવામાં આવશે. ઉપરાંત વોર્ડ નંબર - ૭(કોલવડા, વાવોલ) અને વોર્ડ નંબર - ૮(સેક્ટર ૪,૫,વાસણા હડ મતિયા, સરગાસણ, પોર, અંબાપુરના તારાપુર-ઉવારસદ ટીપી વિસ્તાર) માટે ૫૪ ઈફ્સ્ની મતગણતરી સેક્ટર - ૧૫ની સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં યોજાશે. જ્યારે વોર્ડ નંબર - ૯(સેક્ટર - ૨,૩,૩ ન્યૂ ઈન્ફોસિટી, કુડાસણ) અને વોર્ડ નંબર - ૧૦ (સેક્ટર - ૧,૬,૭,૮, રાંદેસણ , રાયસણ, કોબા, કુડાસણ ધોળાકૂવા ટીપી - ૬) તેમજ વોર્ડ નંબર - ૧૧(ખોરજ, ઝુંડાલ, અમિયાપુર, સુઘડ, નભોઈ, ભાટ, કોટેશ્વર) માટે સેક્ટર - ૧૫ સરકારી કોલેજમાં ૯૩ ઈફ્સ મશીનની મતગણતરી કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર-૩ માં મતગણતરી થઈ શરૂ થઈ છે. પહેલા બેલેટ પેપરની મત ગણતરી શરૂ થઈ હતી. ભાજપ, કોંગ્રેસ, આપ વચ્ચે કાંટાની ટક્કર થવા જઈ રહી હતી. મતગણતરીને લઈ વહેલી સવારથી મતદાર કેન્દ્રો પર પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો. છેલ્લે મળતી માહિતી પ્રમાણે ગાંધીનગરની ચૂંટણીમાં કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે. ભાજપ બાદ બીજા નંબરે આમ આદમી પાર્ટી છે અને કોંગ્રેસની પરંપરાગત વોટબેંક તૂટી ગઈ હોવાની માહિતી મળી છે. ગાંધીનગર વોર્ડ – ૧,૪,૫, ૭, ૮,૯, ૧૦,૧૧માં ભાજપની જીત થઈ છે, જ્યારે ગાંધીનગર વોર્ડ – ૨માં ૩ ભાજપ, ૧ કોંગ્રેસને સીટ મળી છે. વોર્ડ – ૩માં ૩ ભાજપ, ૧ કોંગ્રેસને સીટ મળી છે. વોર્ડ – ૬માં ૩ ભાજપ, ૧ આપને સીટ મળી છે. ગાંધીનગર મનપાની ચુંટણીનું પરિણામ આવી ગયું છે જેમાં સૌથી વધુ મત સાથે જીતનાર ઉમેદવાર વોર્ડ નંબર ૧૦ના ઉમેદવાર મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ જેમને ૮૬૩૭ મતથી વિજય મેળવી સમગ્ર વિજેતા બનેલા ૪૪ ઉમેદવારોમાં સૌથી વધુ મત સાથે જીતનાર ઉમેદવાર જાહેર થયા.

### કુલ ૪૪ બેઠકોમાંથી જાહેર થયેલી બેઠકોના પરિણામ

| ગાંધીનગર | ભાજપ | કોંગ્રેસ | આપ | અપક્ષ |
|---|---|---|---|---|
| વોર્ડ નંબર-૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૫ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૬ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૭ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૮ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૦૯ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૧૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| વોર્ડ નંબર-૧૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ-૪૪/૪૪ | ૪૧ | ૦૨ | ૦૧ | ૦૦ |

# પાસ ફરી મેદાનમાં આવ્યું પાટિદારોને OBCમાં સમાવેશ કરવાની માંગ

ગાંધીનગર,
ગાંધીનગરમાં યોજાયેલી બેઠક અંગે માહિતી આપતા પાસના અગ્રણીઓ અલ્પેશ કથીરિયા અને દિનેશ બાંભણિયાએ જણાવ્યું હતું કે જ્ઞાતિને ઓબીસીમાં સમાવવા માટે રાજ્ય સરકારને અપાયેલા અધિકાર બાદ પાટીદાર સમાજનો અનામત માટેનો સર્વે કરવાની માગણી સરકાર સમક્ષ કરવાનું નક્કી કરાયું છે. ૨૦૧૫ના આંદોલન દરમિયાન આંદોલનકારીઓ ઉપરના કેસમાંથી ૨૫૦ કેસ, રેલવેના કેસ તેમજ રાજદ્રોહના પાંચ કેસ પરત ખેંચાયા નથી. તે પરત ખેંચવા માગણી કરાશે. તે ઉપરાંત મહિલાઓને ૧-૮-૨૦૧૮ના પરિપત્ર મુજબ વિસંગતતા દૂર કરી અનામતની માગણી અને બિન અનામત વર્ગના નિગમની વધુ વ્યાપક બને તે માટે ચર્ચા કરવામાં આવી હતી. પાટીદાર સીએમ હોવા છતાં આંદોલન અંગે તેમણે કહ્યું હતું કે સરકાર માગણીઓ સંતોષે તો અત્યારે અને ૨૦૨૨માં પણ હાલના સીએમ ફરી બને તો અમને કોઈ વાંધો નથી. આ વખતે સમાજની માતૃ સંસ્થાઓને વિશ્વાસમાં લેવાશે તેવો પણ દાવો કર્યો હતો. ઊંઝા ખાતે પણ એસપીજીના અગ્રણીઓ લાલજીભાઈ પટેલ, જિજ્ઞેશ પટેલ અને ઊંઝા એપીએમસીના ચેરમેન દિનેશ પટેલ વિગેરેની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી.પાટીદાર સંગઠનો દ્વારા ફરી એક વખત ભાજપ સરકાર સામે ઓબીસીમાં પાટીદારોને અનામતની માગણી સાથે મોરચો ખોલવામાં આવ્યો છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ-પાસ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં પાટીદાર સમાજના સર્વેની માગણી, પોલીસ કેસ પરત ખેંચવા સહિતના મુદ્દે આગામી ટૂંક સમયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપવાનો નિર્ણય લેવાયો હતો. ઓક્ટોબરમાં સરકાર માગણીઓ અંગે કોઈ પ્રતિસાદ આપે છે કે નહીં તે પછી આગામી રણનીતિ નક્કી કરવામાં આવશે તેવી ચીમકી પણ અપાઈ હતી.

# શાહીન વાવાઝોડું નબળુ પડયું : મૃત્યુઆંક ૧૩



દુબઈ,
ભારતીય હવામાન વિભાગે આગાહી કરી હતી કે શાહીન વાવાઝોડાની ગતિ હવે ઘટીને પ્રતિ કલાક ૯૦ કિલોમીટરની થઈ ગઈ છે અને હજુ પણ તે ગતિ ઘટી જતાં વાવાઝોડુ નબળુ પડી જશે અને છેવટે શાંત થઈ જશે. ઉલ્લેખનીય છે કે શાહીન વાવાઝોડું જ્યારે લેન્ડફોલ થયું ત્યારે પ્રતિ કલાક ૧૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો.શાહીન વાઝાડોના કારણે મરનારા લોકોની સંખ્યા સોમવાર સુધીમાં ૧૩ ઉપર પહોંચી ગઈ હતી જ્યારે દરિયામાં માછીમારી કરવા ગયેલા ઈરાનના કેટલાંક માછીમારો હજુપણ લાપતા છે પરંતુ તેઓની સંખ્યા જાણી શકાઈ નથી. દરમ્યાન આ વાવાઝોડુ ઓમાન તરફ ફંટાઈને નબળુ પડી ગયું હતું. ઓમાના સત્તાવાળાઓ કહ્યું હતું કે તેમનો એક નાગરિક જ્યારે તેના વાહનમાં જઈરહ્યો હતો ત્યારે તેના ઉપર પૂરના પાણી ફરી વળ્યા હતા, પરંતુ આ ઘટના અંગે કોઈને જાણ નહોતી તેથી તે વ્યક્તિને પોલીસે લાપતા થયેલા લોકોમાં ગણી લીી હતો પરંતુ તેનો મૃતદેહ આજે મળી આવ્યો હતો. રવિવારે આ વાવાઝોડા જમીન ઉપર પછડાયું હતું ત્યારે એક બાળક પાણીમાં તણાઈ ગયું હતું જ્યારે અન્ય એક સ્થળે થયેલા ભૂસ્ખલનમાં એશિયા ખંડના બે વિદેશીઓના મોત થયા હતા એમ તેમણે કહ્યું હતું. ઓમાનની નેશનલ કમિટિ ફોર ઈમરજન્સી મેનેજમેન્ટ દ્વારા સોમવારે જાહેરાત કરાહિતી કે આ વાવાઝોડામાં વધુ સાત લોકોના મોત સથયા હતા. જો કે તેઓના મોત કઈ રીતે થયા હતા તે અંગે સત્તાવાળાઓએ કોઈ ખુલાસો કર્યો નહોતો. બીજી બાજુ ઈરાનની સમાચાર સંસ્થા ઈરનાએ કહ્યું હતું કે ઈરાનના પાકિસ્તાન સાથે જોડાયેલા સરહદી વિસ્તારમાં આવેલા માછીમારોના પાસાબંદર નામના ગામેથી ગૂમ થયેલા બે માછીમારોના મૃતદેહ સોમવારે બચાવ ટુકડીના જવાનોને મળી આવ્યા હતા. આ અગાઉ રવિવારે ઈરાનની સંસદના ડેપ્યુટિ સ્પિકર અલી નિકઝાદે કહ્યું હતું કે તેમને એવી આશંકા છે કે વાવાઝોડાના કારણે છ માછીમારોના મોત થયા હતા. આ વાવાઝોડાના કારણે ઉઠેલી ધૂળની ડમરીઓના કારણે ઈરાનના સિસ્તાન અને બલુચિસ્તાન પ્રાંતના અનેક શહેરો અને ગામડાઓમાં લોકોના ઘરો અને દુકાનોમાં ધૂળના ઢગલા થઈ ગયા અને અનેક લોકોના નાક, મ્હોં અને આંખોમાં ધૂળ ઘૂસી જતાં ૧૨૨ લોકોને સારવાર માટે હોસ્પિટલ જવાની ફરજ પડી હતી એમ ઝાબોલ શહેરના ગવર્નર અબ્બાસી અર્જમંદીએ કહ્યું હતું.

# ઉદ્યોગસાહસિકો માટે ગુજરાતના ૩૩ જિલ્લામાં લોન મેળો યોજાશે




ગાંધીનગર,
બેંકો ઈવેન્ટમાં સ્પોટ લોન, સૈદ્ધાંતિક મંજૂરી લોન, વિલંબિત મંજૂરી લોન અને બેંક વિશિષ્ટ પ્રોડક્ટ લોન આપશે. ગુજરાત સરકાર તમામ ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપે છે કે જેમને તેમના ઔદ્યોગિક એકમ માટે મૂડીની જરૂર હોય તેઓ આ લોન મેળામાં ભાગ લઈ શકે છે.ગુજરાત સરકાર MSME કમિશનરની કચેરી દ્વારા સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી (SLBC) ના સહકારથી ગુજરાતના ઉદ્યોગસાહસિકોના લાભ માટે આગામી તા. ૬ ઓકટોબર ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦થી સાંજે ૬.૦૦ કલાક સુધી MSME લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું આયોજન ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લોન મેળાનો કાર્યક્રમ કરવામાં આવનાર છે. માઈક્રો સ્મોલ અને મીડિયમ ઔદ્યોગિક એકમો લોન મેળા આયોજનમાં ભાગ લેવા માટે પાત્ર છે અને લોન મેળાના દિવસે જ સ્થળ પર અરજી કરી શકે છે. લગભગ ૧૫ જેટલી બેંકો દ્વારા પ્રત્યેક જિલ્લામાં લોન માટેના સ્ટોલ લગાવવામાં આવશે.

# નવરાત્રી સહિતના તહેવારોમાં કોરોનાનો ખતરો વધી શકે છે




ગાંધીનગર,
અમદાવાદમાં કોરોનાના કેસમાં આંશિક વધારો થતા જ AMCનું આરોગ્ય તંત્ર એક્શનમાં આવ્યું છે. અમદાવાદના રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના જાહેર સ્થળોએ કોરોના ટેસ્ટિંગ અને રસીકરણ માટે ખાસ ટીમ તૈનાત કરવામાં આવી છે. અમદાવાદના કાલુપુર, મણિનગર રેલવે સ્ટેશન અને ગીતામંદિર ST સ્ટેન્ડમાં ૩ ટીમ તૈનાત કરાઈ છે.ગુજરાતમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેર અંગે ડોક્ટરોએ નવરાત્રી અને તહેવારોમાં જોખમ વધવાની આશંકા વ્યક્ત કરી. ડોક્ટરોના મતે કોવિડ નિયમોનું પાલન નહીં થાય તો સંક્રમણ વધી શકે છે. તેમજ લોકોએ ફરજિયાત કોવિડ રસી મુકાવી જોઈએ. આ અંગે અમદાવાદ હોસ્પિટલ અને નર્સિંગ હોમ એસોસિએશને પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમજ કહ્યું છે કે નવરાત્રી સહિતના તહેવારોના લોકોની ભીડ વધી રહી છે. તેમજ કોરોનાના નિયમોનું પણ અનેક સ્થળોએ ભંગ થતો જોવા મળી રહ્યો છે. તેવા સમયે આગામી તહેવારો કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ આપી શકે છે. તેથી બને ત્યાં સુધી કોવિડ નિયમોનું પાલન કરવામાં આવે અને સોશિયલ ડિસ્ટન્ટ, માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત કોરોનાથી બચવા અને ફેલાતો રોકવા માટે કોરોના વેક્સિન ફરજિયાતપણે મૂકવવી જોઈએ.

# દિલ્હી સરહદો પર ૪૩ ખેડૂત સંગઠનોને સુપ્રીમની નોટિસ



નવી દિલ્હી,
હરિયાણા સરકાર વતી સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું હતું કે ખેડૂતોની સાથે વાતચીત માટે હરિયાણા સરકારે એક પેનલની પણ રચના કરી છે. જોકે ખેડૂતોએ વાતચીત કરવાની જ ના પાડી દીધી છે. સમગ્ર મામલામાં ખેડૂત સંગઠનોને પણ પક્ષકાર બનાવવાની સરકારને સુપ્રીમે અગાઉ છુટ આપી હતી હવે તેમને નોટિસ પણ પાઠવવામાં આવી છે અને જવાબ માગવામાં આવ્યો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જ્યારે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે ત્યારે ખેડૂતો દ્વારા હાઈવે બ્લોક કરી દેવા યોગ્ય નથી.દિલ્હી સરહદે કૃષિ કાયદાના વિરોધમાં ઘણા દિવસથી ખેડૂતો ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. એવામાં ખેડૂતોને આ સૃથળેથી હટાવવા માટે દાખલ થયેલી પીઆઈએલને લઈને સુપ્રીમ કોર્ટે ૪૩ જેટલા ખેડૂત સંગઠનો પાસેથી જવાબ માગ્યો છે. જેમાં ખેડૂત નેતા રાકેશ ટિકૈત, દર્શન પાલ અને ગુરનામસિંહનો પણ સમાવેશ થાય છે. નોઈડાના રહેવાસી મોનિક્કા અગ્રવાલે એક પીઆઈએલ દાખલ કરી હતી. જેમાં તેણે દાવો કર્યો હતો કે અગાઉ નોઈડાથી દિલ્હી પહોંચવા માટે ૨૦ મિનિટનો સમય લાગતો હતો. હવે ખેડૂતોએ દિલ્હીની બોર્ડર પર ધરણા કરી રહ્યા હોવાથી દિલ્હી પહોંચવામાં બે કલાકનો સમય લાગે છે. જેને પગલે યુપી ગેટ જેવા વિસ્તારોમાં બહુ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# જાપાનના નવા વડાપ્રધાન તરીકે ફુમિઓ કિશિદા



ટોક્યો,
જાપાનના પૂર્વ વિદેશ પ્રધાન કિશિદાએ સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા પદની ચૂંટણી ગયા સપ્તાહે જીતી લીધી હતી. તેમણે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં બે મહિલા ઉમેદવારો સના તકાઈચી અને સેઈકો નોઈડાને હરાવ્યા હતાં. તેમના વિજયથી પુરવાર થાય છે કે તેમને પક્ષના દિગ્ગજ નેતાઓનું સમર્થન પ્રાપ્ત થયું હતું. કિશિદાએ એક શાંત અને ઉદારવાદી નેતા તરીકે ઓળખવામાં આવે છે. જો કે પ્રભાવશાળી રૂઢિવાદીઓનું સમર્થન પ્રાપ્ત કરવા માટે તેમણે આક્રમક નેતાની છબિ બનાવી છે. મીડિયાના જણાવ્યા અનુસાર સુગાની કેબિનેટના ૨૦ સભ્યો પૈકી બે સભ્યોને છોડીને બાકીના તમામના સૃથાને નવા નેતાઓને જવાબદારી સોંપવામાં આવશે.જાપાનની સંસદે નવા વડાપ્રધાન તરીકે પૂર્વ વિદેશ પ્રધાન ફુમિઓ કિશિદાને ચૂંટી કાઢયા છે. કિશિદા પર રાષ્ટ્રીય ચૂંટણી અગાઉ કોરોના વાઈરસ વૈશ્વિક મહામારી અને ચીન તથા રશિયા જેવા ખતરાથી ઝડપથી બહાર નીકળવાનો પડકાર છે. કિશિદાએ યોશિહિદે સુગાનું સૃથાન લીધુ છે. સુગા અને તેમની કેબિનેટે આજે સવારે રાજીનામુંઆપી દીધુંહતું. કોરોના વાઈરસ વૈશ્વિક મહામારી સામે લડવાની રીત અને સંક્રમણ છતાં ઓલિમ્પિકનું આયોજન કરવા પર અડગ રહેવાના કારણે લોકપ્રિયતામાં ઘટાડો થવાને પગલે સુગાએ એક વર્ષ સુધી પદ પર રહ્યાં પછી જ રાજીનામું આપી દીધું છે.

# ગુજરાત હાઈકોર્ટમાં ‘કોર્ટ ફી’ લેવાની પ્રક્રિયા ઓનલાઈન થશે

ગાંધીનગર,
હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસે એવો સંકેત આપ્યો હતો કે, ટૂંક સમયમાં ‘કોર્ટ ફીઝ્ર ચુકવવા માટેની ઓનલાઈન સુવિધા શરુ કરવામાં આવશે. મહત્વનું છે કે, કેટલાક વકીલ દ્વારા કોર્ટ ફી ચુકવવા માટે સંબંધિત વિભાગ સમક્ષ ગયા હતા. જો કે, તે સ્વીકારાઈ ન હતી. જેથી, વકીલે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી.હાઈકોર્ટમાં અરજી કરવા માટે લેવામાં આવતી ફી એટલે ‘કોર્ટ ફીઝ્ર, જે દરેક વકીલ દ્વારા અરજી કર્યા બાદ ચુકવવામાં આવતી હોય છે. કોરોના મહામારીના લીધે, હાઈકોર્ટમાં આ ‘કોર્ટ ફીઝ્ર લેવાનુ બંધ કરાયેલું. જે મુદ્દે, હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે, આ ‘કોર્ટ ફી ‘ લેવાનુ ચાલુ કરાવો.

# કોઈ પણ રાજ્ય કોરોના મૃતકોના પરિવારને વળતરનો ઈનકાર ન કરી શકે

નવી દિલ્હી,
સુપ્રીમ કોર્ટે સરકારને આ સ્કીમનો વ્યાપક પ્રચાર કરવા પણ જણાવ્યું છે. ન્યાયમૂર્તિ એમ આર શાહની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યું હતું કે મૃત્યુના પ્રમાણપત્રમાં કોરોનાને કારણે મોત થયું છે તેવુ લખ્યુ ન હોય તો તેનો આધાર બનાવી કોઈ પણ રાજ્ય સરકાર વળતરની રકમ ચુકવવાનો ઈનકાર કરી શકે નહીં. જિલ્લા અધિકારીઓએ આરટીપીસીઆર જેવા પુરાવાઓને આધારે કોરોનાથી મૃત્યુ થયું હોવાનું પ્રમાણિત કરવું જોઈએ. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જે મૃતકોના મૃત્યુ પ્રમાણપત્રમાં કોરોનાથી મોત થયું છે તેવું લખ્યું નથી તેમના પરિવારજનો યોગ્ય પુરાવા રજૂ કરી મૃત્યુ પ્રમાણપત્રમાં સંશોધન કરાવી શકે છે. કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાનો કોઈ પણ રાજ્ય ઈનકાર કરી શકે નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી(એનડીએમએ) દ્વારા કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની ભલામણ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સોમવારે રાજ્ય સરકારોને નિર્દેશ આપ્યા છે કે તે કોરોનાથી મૃત્યુ પામેલાઓના પરિવારજનોને ૫૦,૦૦૦ રૂપિયા ચુકવવા માટે કેન્દ્રના દિશાનિર્દેશોનું પાલન કરે અને વળતર મળ્યાની અરજીના ૩૦ દિવસની અંદર ચૂકવણી કરે.

**જાહેર નોટીસ**

**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, શહેરા, પ્રાંત શહેરાની કોર્ટમાં મુ. શહેરા, તા.શહેરા**

**અરજદાર : બારીઆ પારસિંહ મથુરભાઈ**
**રહે :- માતરીયા વ્યાસ, તા.શહેરા, જી.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : તલાટી ક્મ મંત્રીશ્રી, માતરીયા વ્યાસ, તા.શહેરા, જી.પંચમહાલ.**


આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રીના પિતા નામે બારીઆ મથુરભાઈ બાધરભાઈનું તા.૧૫/૦૩/૧૯૯૩ ના રોજ મોજે–માતરીયા વ્યાસ, તા.શહેરા, જી.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જેતે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પિતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૪૦/૨૦૨૧ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદ્દત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દ્વારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા.૨૭ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ**
**પ્રાંત શહેરા**

# વિશ્વભરમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ કલાકો સુધી ઠપ રહ્યા




નવી દિલ્હી,
ટેકનીકલ ખામીને કારણે આ ત્રણેય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠપ થઈ ગયા હતા. ભારતમાં આશરે ૪૧ કરોડ લોકો ફેસબુકનો ઉપયોગ કરે છે જ્યારે ૫૩ કરોડથી વધુ વોટ્સએપના યૂઝર્સ છે. તેવી જ રીતે ૨૧ કરોડથી વધુ લોકો ઈંસ્ટાગ્રામનો ઉપયોગ કરે છે. આ પરેશાની વચ્ચે વોટ્સએપે પણ ટ્વિટ કરીને કહ્યું કે લોકો વોટ્સએપનો ઉપયોગ કરવામાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અમે આ સમસ્યા પર કામ કરી રહ્યા છીએ અને જે પણ મુશ્કેલી આવી રહી છે તેને દુર કરીશું. જેટલુ શક્ય હોય તેટલુ ઝડપથી અહીં સમસ્યાઓના નિરાકરણ અંગે જાણકારી આપતા રહીશું. અગાઉ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડાઉન થઈ ચુક્યા છે.મેસેજિંગ એપ્લિકેશન વોટ્સએપ અને ફોટો શેરિંગ પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ તેમજ ફેસબુક વિશ્વભરમાં થોડા સમય માટે બંધ થઈ ગયા હતા. જેને પગલે આ બન્ને એપ્લિકેશનના યૂઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ખાસ કરીને સમગ્ર વિશ્વમાં વોટ્સએપ ઠપ થઈ ગયું હતું. જેને પગલે કલાકો સુધી કઈ જ ડાઉનલોડ નહોતુ થતું જ્યારે મેસેજ પણ મોકલી નહોતા શકાતા. વોટ્સએપ દ્વારા સ્પષ્ટતા કરાતા જણાવાયું હતું કે જે પણ મુશ્કેલીઓ આવી રહી છે તેને ટૂંક સમયમાં દુર કરી લેવામાં આવશે. ફેસબુક, વોટ્સએ અને ઈન્સ્ટાગ્રામ ત્રણેટ પ્લેટફોર્મની માલિકી ફેસબુક પાસે છે. આ ત્રણેય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વિશ્વભરમાં ઠપ થતા ટ્વિટર પર માર્ક ઝુકરબર્ગ અને વોટ્સએપ ટ્વિટર પર ટ્રેન્ડ થવા લાગ્યા હતા અને લોકોએ સમસ્યાઓ અંગે પોસ્ટ શેર કરી હતી. ટ્વિટર પર લોકોએ પોતાના અનુભવો પણ શેર કર્યા હતા. લોકોએ જણાવ્યું કે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામને ખોલવા પર બફરિંગ થઈ રહ્યું છે. જ્યારે જો કોઈને વોટ્સએપ પર ફોટો, વીડિયો કે મેસેજ મોકલીએ તો તે સેન્ડ નથી થતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

### વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત મહીસાગર જિલ્લાના કોઠંબા ખાતે

# સરીસૃપ પ્રાણી સાપ વિશે (સ્નેક એવરનેસ) તથા પક્ષીઓ, વન્યપ્રાણીઓ વિશે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,

વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત મહીસાગર વન વિભાગ(નોર્મલ), લુણાવાડા રેંજ દ્વારા જય જલારામ સ્કૂલ, કોઠંબા ખાતે વન્યપ્રાણી જાગૃતિ બાબતે સરીસૃપ પ્રાણી સાપ વિશે (સ્નેક એવરનેસ) તથા પક્ષીઓ વિષે ધોરણ ૧ અને ૧૦ ના વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ પ્રસંગે રાઉન્ડ ફોરેસ્ટર કોઠંબા દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે જાગૃતિ, પ્રકૃતિ શિક્ષણ અંગેની સમજ આપવામાં આવી. રાઉન્ડ ફોરેસ્ટર, કોઠંબા તેમજ અન્ય રેંજ સ્ટાફ દ્વારા ઉપસ્થિત બાળકો, શિક્ષકો તેમજ બિન સરકારી સંગઠનના સભ્યો ને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની મહત્વની જોગવાઈઓ તેમજ માનવ–વન્યપ્રાણી ઘર્ષણ અટકાવવા અંગેની સમજ આપવામાં આવી હતી.

આ વિસ્તારમાં વધુ જોવા મળતા મગર તેમજ સરીસૃપ સાપ જેવા વન્યપ્રાણીના રેસ્કયુ બાબતે લોકોને અગત્યની માહીતી પૂરી પાડવામાં આવી. જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ વન્યજીવના બચાવ, રાહત અને ફરીયાદ નિવારણ માટેની વન વિભાગની હેલ્પલાઈન ૮૩૨૦૦૦૨૦૦૦ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં હાજર તમામ વ્યકિતઓએ વન્યજીવ સંરક્ષણ કરવા બાબતે કટિબદ્ધતા દર્શાવી હતી.

આ એવરનેસ કાર્યક્રમમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે રસ ધરાવતાં બિન સરકારી સંગઠન તરીકે મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશનના સભ્યો તેમજ શાળાના શિક્ષકોનો. વિદ્યાર્થીઓ તેમજ અન્ય લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો અને વન્યપ્રાણી સંરક્ષણ અંગેની જાણકારી મેળવી હતી.

# લુણાવાડા જવાહર બાગ પાસેથી ચોરી થયેલ પાલિકાનું ટ્રેકટર સાથે ઈસમને પોલીસે ઝડપ્યો

લુણાવાડા,

લુણાવાડા જવાહર બાગ પાસે થી નગર પાલિકાનું ટ્રેકટર ચોરાયાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. તેની તપાસ નેત્રમ કમાન્ડ કંટ્રોલની મદદથી કરવામાં આવી હતી. ચોરીનું ટ્રેકટર કરણબારીયાના મુવાડા ગામેથી ચોર ઈસમ સાથે ઝડપી પાડવામાં આવ્યું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડા નગર પાલિકાનું ટ્રેકટર નંબર જીજે.૧૭.જી.૮૧૬ને ચોરી થયેલ હોય આ બાબતે લુણાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. ચોરી થયેલ ટ્રેકટરને શોધી કાઢવા માટે લુણાવાડા પોલીસે મહેનત કરી કરી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, જીજે.૧૭.જી.૮૧૬ નંબરનું ટ્રેકટર કોટેજ ચોકડી થી સંતરામપુર તરફ ગયેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે નેત્રમ કમાન્ડ કંટ્રોલની ટેકનીકલ મદદ મેળવીને તપાસ કરતાં કરણબારીયાના મુવાડા નિશાળ ફળીયામાં વિક્રમભાઈ ઉર્ફે કાનજી જેઠાભાઈ પટેલીયાના ઘર નંબર કોતરી નાખેલ હાલતમાં પડ્યું હતું. પોલીસે પોકેટ કોમ મોબાઈલમાં એન્જીન અને ચેસીસ નંબર નાખતા ટ્રેકટરના માલિક તરીકે લુણાવાડા નગર પાલિકાના નામે રજીસ્ટ્રર થયેલ હોય જેથી વિક્રમ ઉર્ફે કાનજી પટેલીયાની પોલીસે પુછપરછ કરતાં લુણાવાડા જવાહર બાગ ખાતેથી ચોરી કરેલ હોવાની કબુલાત કરી પોલીસે ચોરીના ટ્રેકટર સાથે ઈસમને ઝડપી પાડીને ટ્રેકટર ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

# લુણાવાડા પાલિકા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત પડતા પ્રમુખ પદ ગુમાવ્યુ

લુણાવાડા,

મહિસાગર જિલ્લાની લુણાવાડા નગરપાલિકામાં પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તના અનુસંધાનમાં ખાસ સામાન્ય સભા મળતા નગરપાલિકા પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત આપી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાઈ હતી.

લુણાવાડા નગરપાલિકાનુ પ્રમુખ પદ છેલ્લા કેટલા સમયથી ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે ગઈ ૦૮/૦૯/૨૦૨૧ના રોજ નગરપાલિકાના પ્રમુખ બિન્દ્રાબેન શુકલા સામે અવિશ્વાસની દરખાસ્ત કરવામાં આવી હતી. જેને ઉપપ્રમુખના અધ્યક્ષ સ્થાને મળેલી સામાન્ય સભામાં નગરપાલિકાના હાજર રહેલા ૨૩ સભ્યો પૈકી ૨૨ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં હાથ ઉંચો કરી મત આપ્યો હતો. આમ સામાન્ય સભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. હવે આવનાર દિવસોમાં મહાનગરપાલિકાના પ્રમુખ બનશે તે ચર્ચાનો વિષય બન્યો છે.

# લુણાવાડા મનરેગા શાખાના ઉચાપત કેસમાં ભ્રષ્ટાચાર નિવારણ કલમનો ઉમેરો કરાયો

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના લુણાવાડાની મનરેગા શાખામાં કર્મચારીઓને વેપારીઓ શાંતાબેન સરદારલાલા નાથાચમાર, લક્ષ્મીનારાયણ સિમેન્ટના પ્રોપરાઈટર, હબીબ ટ્રેડિંગ શહેરા, નેશનલ ટ્રેડર્સ સંતરામપુર તથા હિરાભાઈ રેવાભાઈ પટેલે સાથે મળીને નાણાંકિય વર્ષ–૨૦૧૬/૧૭, ૨૦૧૭/૧૮, ૨૦૧૮/૧૯ના મનરેગા યોજનાના ઓનલાઈન સોફટવેરમાં ચેડા કરી અમલીકરણ એજન્સી બદલી ખોટા માલ સામાનના બિલોની એન્ટ્રી કરી ડિજીટલ સહિઓનો ઉપયોગ કરી રૂ.૪૫,૩૭,૬૯૪ની સરકારી મનરેગાના નાણાંની ઉચાપત કરેલને આરોપી વેપારીઓ સિવાય અન્ય આરોપીઓ રાજય સેવક તરીકેનો હોદ્દો ધરાવતા હોવા છતાં તેમની ફરજ દરમિયાન ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ મુજબનો ગુનો કરેલ છે. આ લુણાવાડા પોલીસ મથકના ફ.ગુના રજી.નં.૧૫૬૫/૨૦ ઈપી કોડ કલમ ૪૦૮, ૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) તથા આઈટી એકટની કલમ ૬૬(બી) તથા ૬૬(ડી) મુજબનો ગુનો દાખલ કરાયલે તપાસના અંતે આરોપીઓ ઉપર પોલીસે લુણાવાડા કોર્ટમાં ગુનાની ચાર્જશીટ રજુ કરી સરકારી વકીલ ગોસાઈ દ્વારા અરજી કોર્ટમાં આપતા લુણાવાડાની ચીફ જયુ.મેજી.ની કોર્ટમાં હિયરીંગગ થતાં કોર્ટે ફરિયાદ પક્ષે સરકારી વકીલની દલીલો સાંભળીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમનો ઉમેરો કરવાનો હુકમ ચીફ.જયુ.મેજી. કોર્ટ લુણાવાડાના જજ પી.સી.સોની દ્વારા કરાતા ક્રિમીનલ પ્રો.કો.ની કલમ મુજબ ખાસ અદાલતમાં મોકલવાનો હુકમ કરેલ છે.

# ખાનપુરના બાકોર ગામ વિસ્તારને અછતગ્રસ્ત જાહેર કરવા મામલતદારને આવેદન

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર વિસ્તારના ગામોને અછતગ્રસ્ત ગણવા ખેડુતોએ ખાનપુર મામલતદારને આવેદનપત્ર આપી માંગ કરી છે. આ વિસ્તારમાં જરૂરિયાત કરતા ઓછો વરસાદ થયો છે.તેથી ખેડુતોને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તેમ જણાવી અસરગ્રસ્ત ગણવા માગણી કરાઈ છે.

ખાનપુર તાલુકો ભૌતિક રીતે ડુંગરાળ વિસ્તાર છે. ગયા વર્ષે પણ વરસાદ બિલ્કુલ ઓછો હતો અને આ ચાલુ વર્ષે પણ ઓછો વરસાદ થયો છે. આ વિસ્તારના લોકો ખેતી અને પશુપાલન ઉપર નિર્ધારિત છે. ગત વર્ષે ખેડુતોને ઘણુ નુકસાન થયુ હતુ અને માંડ આશા હતી કે આ વર્ષે સારો વરસાદ થશે પણ આ વર્ષે પણ આ વિસ્તારમાં ખુબ જ ઓછો વરસાદ થયો છે. ખેડુતોને તમામ ખર્ચ માથે પડેલો છે. અનાજની ઉણપ પણ નથી ત્યારે ૩૧ ઓગસ્ટ સુધીમાં દર ઈંચ કરતા ઓછો પડ્યો હોઈ પાક વિમા યોજનાનો લાભ આપવાની રજુઆત કરાઈ છે. ખાનપુર તાલુકામાં ૩૧ ઓગસ્ટ સુધીમાં માત્ર ૮ ઈંચ વરસાદ થયો છે તેથી આ યોજનાનો લાભ ખાનપુર તાલુકાને આપવાની માંગ ખેડુતોએ કરી હતી. ખેડુતોએ વધુમાં જણાવ્યુ હતુ કે, હાલ પશુ માટે ઘાસચારો નથી. આવનાર સમયમાં પીવાના પાણીની પણ ખુબ તંગી સર્જાશે ત્યારે તાત્કાલિક સર્વે કરાવી ખાનપુર વિસ્તારમાં તમામ ગામડાઓને અસરગ્રસ્ત જાહેર કરી આ વિસ્તારના લોકોને સરકાર તરફથી રાહત પેકેજ જાહેર થાય તેવી માંગ કરી છે.

# વિરપુર તાલુકાના જાંબુડી ગામના ૫૦ જેટલા બાળકો કોતરના પાણીમાંથી શાળાએ જવા મજબુર

વિરપુર,

વિરપુર તાલુકાના જાંબુડી ગામના અભ્યાસ કરતા ૫૦થી વધુ બાળકો વર્ષોથી કોતરના પાણીમાં થઈને શાળાએ જવા મજબુર છે. આ ભુલકાઓ ૩કિમી જેટલુ લાંબુ અંતર કાપીના જીવના જોખમે શાળાએ પહોંચે છે. અને જોખમ ખેડીને ભાવિ ઉજ્જવળ બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે વર્ષોથી અહિં કોઝ–વે અથવા રોડ બનાવવાની માંગને કોઈએ ધ્યાને ન લેતા બાળકોનો જીવ જોખમમાં મુકાય છે. જયારથી પંચાયત રાજ આવ્યુ છે ત્યારથી આ ગામનો પાકો રોડ બનાવવામાં આવ્યો નથી. ત્યારે આ કાચા રોડ પર ચોમાસાના સમયે અવર જવર કરાવી ગામ લોકોને તેમજ બાળકોને ભારે હાલાકી વેઠવી પડે છે. વર્ષોથી ધુંટણ સમા પાણીમાંથી પસાર થઈને જ શાળાએ જવુ પડે છે. લોકોની કોઝ–વે તેમજ પાકો રોડ બનાવવાની વર્ષોની માંગણી અભરાઈએ ચઢાવી દેવાતા બાળકો સાથે કોઈ જોખમરૂપ ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની તેવા પ્રશ્નો ઉદ્દ્ભવી રહ્યા છે. ત્યારે આ બાબતની નોંધ લઈ પાકો રોડ બનાવવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ છે.

# લુણાવાડા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

ડોકટર શૈલેષ પરમારની અધ્યક્ષતામાં આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.કે હોસ્પિટલ લુણાવાડાના ડોક્ટર પ્રદીપ દેસાઈ, ડોક્ટર મયુર ભગત, ભગત હોસ્પિટલ લુણાવાડા, ડોક્ટર મયુર દેસાઈ, ડોક્ટર વિરલ અમીન જેવા સમાજનું ગૌરવ વધારતા અનેક ડોકટરોએ પોતાના સમાજને મદદરૂપ થવા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું. જેમાં બી.પી આર.બી.એસ કાર્ડિયોગ્રામ અને જરૂર જણાતા હોય તેવા દર્દીઓને દવાઓ પણ મફતમાં આપવામાં આવી હતી. નોંધનીય છે કે આ કેમ્પમાં ૩૦૦થી વધારે દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો. મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે ૭૩ ગામ વણકર સમાજ પાંચ પરગના વિભાગ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# દાહોદ શહેર અને જીલ્લામાં ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા રોગનો ભરડો આરોગ્ય વિભાગ સર્તક બની કામગીરી કરે તે જરૂરી

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ડેન્ગ્યુ, મલેરીયા જેવા પાણીજન્ય રોગોએ માથું ઉચક્યું છે. ત્યારે દાહોદ આરોગ્ય વિભાગ ડેન્ગ્યુ જેવા રોગોને જાણે નાથવામાં સંદરત નિષ્ફળ નીવડી રહ્યું છે. દાહોદની હોસ્પિટલો હાઉસફુલ થઈ ગઈ છે. જ્યાં જુઓ ત્યાં ડેન્ગ્યુના કેસો જોવા મળી રહ્યાં છે. ત્યારે આરોગ્ય તંત્ર સફાળે જાગી આરોગ્યલક્ષી કામગીરી કરે તે અત્યંત આવશ્યક બન્યું છે.

વર્ષાઋતુ લગભગ હવે વિદાય લઈ રહી છે. પરંતુ બેવડી ઋતુના કારણે હાલ દાહોદ શહેર સહિત જિલ્લામાં ડેન્ગ્યું, મલેરીયા જેવા રોગોએ ભરડો લેતાં લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. માત્રને માત્ર આરોગ્ય વિભાગ કામગીરી કરતી હોવાની મોટી મોટી ગુલબાંગો પોકારી રહી હોય તેમ લાગી રહ્યું છે. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ તાલુકામાં ૨૫૦ ડેન્ગ્યુના કેસો છે અને તેમાંય દાહોદ શહેરના ૧૦૬ કેસોનો સમાવેશ થાય છે. દાહોદ શહેરની સરકારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલો દર્દીઓની ભરમારથી હાઉસફુલ થઈ ગઈ છે અને તેમાંય મોટાભાગના કેસો ડેન્ગ્યુ, મલેરીયાના કેસોના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા માત્રને માત્ર જાણે કાગળ પરજ કામગીરી કરતાં હોય તેમ લાગી રહ્યું છે. નિરંતર ફોગીંગ પણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું નથી. આરોગ્ય લક્ષી કામગીરી પણ જોવા મળતી નથી. દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓમાં આરોગ્ય વિભાગની નબળી કામગીરીને પગલે પણ અંદરો અંદર આક્રોશ જોવા મળી રહ્યો છે. વરસાદી માહોલ વચ્ચે ગટરના ગંદા પાણી રસ્તાઓ ઉપર ફરી વળ્યાં છે અને જેને પગલે ઠેર ઠેર ખાડા, ખબોચીયા જેવો ઘાટ પણ સર્જાયો છે અને આવા ખાડા, ખબોચીયામાં પાણી એકઠું થતાં ડેન્ગ્યું જેવા મચ્છરો પણ વધ્યાં છે જ્યાં જુઓ ત્યાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. નિયમની સાફ સફાઈ પણ કરાતી ન હોવાની લોકોમાં બુમો ઉઠવા પામી છે. ત્યારે આ સમગ્ર મામલે પ્રજાહિતના આરોગ્યને ધ્યાનમાં રાત્રી સંલગ્ન તંત્ર દ્વારા કામગીરીનો આરંભ કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

# દે.બારીઆ તાલુકાના ગામોમાં ટાઈફોઈડ અને ડેન્ગ્યુ જેવા રોગચાળાનો ભરડો

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના ગામડામાં હમણા થોડા દિવસથી ઋતુજન્ય રોગોનુ પ્રમાણ વધી રહ્યુ હોવાની જાણકારી મળી છે. તાલુકાના મોટાભાગના ગામડામાં હમણા ટાઈફોઈડ અને ડેન્ગ્યુના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ૨૦ દિવસ પહેલા મોટીઝરી ગામના એક છોકરાનુ ગોધરા ખાતે ડેન્ગ્યુના લીધે મોત થયુ હતુ. મોટીઝરી ગામમાં હજુ પણ ડેન્ગ્યુ જેવા રોગોના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જવાબદાર તંત્રના કોઈ કર્મચારી ગામમાં ફરકતા પણ નથી. ગામડાના દર્દીઓ મોટાભાગે ખાનગી દવાખાને સારવાર કરાવતા હોય છે. મોટાભાગના રિપોર્ટ હાલમાં ટાઈફોઈડ અને ડેન્ગ્યુના આવતા હોવાની ખાનગી માહિતી મળી છે. સરકારી તંત્રના આરોગ્ય વિભાગ દ્વારા ગામડામાં સર્વે હાથ ધરવામાં આવે તો કેટલાંય ડેન્ગ્યુના દર્દીઓ મળી આવે તેમ છે.

# કેન્દ્ર સરકાર બિલ્ડર અને ખરીદનાર વચ્ચે મોડેલ કરાર બનાવે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,

સિંઘ દ્વારા કરાયેલી દલીલને તેમનો પણ ટેકો અને સમર્થન છે. બેન્ચે કહ્યું હતું કે આ અંગે તે પ્રતિવાદી (કેન્દ્ર સરકાર)ને નોટિસ પાઠવે છે અને તેનો જવાબ માંગે છે. ગ્રાહકોના હિતોનું રક્ષમ કરવા એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય દ્વારા સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરાઈ હતી જેની આજે સુનાવણી રાખવામાં આવી હતી. આ અરજીમાં રિયલ એસ્ટેટમાં જેની સૌથી મોટી ખોટ છે તે પારદર્શિતા લાવવાની પણ દાદ માંગવામાં આવી હતી. બિલ્ડરો, પ્રમોટરો અને એજન્ટો પોતાની મુનસફી ઉપર આધારિત શરતો દસ્તાવેજોમાં ઘૂસાડી દેતાં હોય છે જેના કારણે ગ્રાહકને સમાન તક મળતી નથી જે ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૪,૧૫ અને ૨૧નું ખુલ્લેઆમ ઉલ્લંઘ છે એમ આ અરજીમાં વેધક દલીલ કરાઈ હતી.સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે દેશના રિયલ એસ્ટેટ સેક્ટરમાં ગ્રાહકોની સુરક્ષા માટે બિલ્ડરો અને મકાન ખરીદનારા ગ્રાહકો વચ્ચે એક આદર્શ કરાર અસ્તિત્વમાં હોય તે દેશ માટે ખુબ જરૂરી છે કેમ કે બિલ્ડરો તેમના દ્વારા તૈયાર કરાયેલા કરારમાં ટલી બધી ગૂંચવાડાયુક્ત શરતો અને નિયમોનો ઉલ્લેખ કરતાં હોય છે જેની સામાન્ય ગ્રાહકને જાણ પણ હોતી નથી.




ન્યાયમૂર્તિ સર્વશ્રી ડીયવાય ચંદ્રચુડ અને બી.વી. નાગરત્નાની બેન્ચે આ અંગે દાખલ થયેલી એક અરજીના પગલે કેન્દ્ર સરકારને ઓક નોટિસ પાઠવી તેનો જવાબ આપવા જણાવ્યું હતું. બિલ્ડરો દ્વારા તૈયાર કરાતા દસ્તાવેજોમાં એટલી બધી ગૂંચવાડાયુક્ત શરતો અને નિયમો મૂકેલા હોય છે જેની સામાન્ય ગ્રાહકને કશી જાણ હોતી નથી તેથી ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા બિલ્ડરો અને ખરીદનાર ગ્રાહક વચ્ચે એક આદર્શ કરાર હોય તે દેશ માટે અતિ આવશ્યક છે એમ બેન્ચે તેનું અવલોકન વ્યક્ત કર્યું હતું. અરજદાર એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય વતી કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ વિકાસ સિંઘે બેન્ચ સમક્ષ દલીલ કરી હતી કે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલો એક આદર્શ કરાર હોવો ખુબ જરૂરી છે, કેમ કે કેટલાંક રાજ્યોએ તો આ રીતનો આદર્શ કરાર તૈયાર કરીને અમલમાં પણ મૂકી દીધો છે, પરંતુ હજુ પણ કેટલાંક રાજ્યોમાં આવો કોઈ કરાર અમલમાં નથી, તદુપરાંત આ વિષયમાં કોઈ એકસમાનતા પણ જોવા મળતી નથી.બેન્ચે પણ કહ્યું હતું કે તેણે આ અગાઉ રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ વિશે સુનાવણી હાથ ધરી હતી તેથી તેને આ કરારનું મહત્વ સમજાયું હોવાથી આ કેસ ખરેખર રસપ્રદ છે. અરજદાર વતી વધુ દલીલ કરતાં સિંઘે કહ્યું હતું કે જે રાજ્યોમાં બિલ્ડર-ખરીદનાર વચ્ચે આદર્શ કરારનો અમલ ચાલુ છે ત્યાં પણ બિલ્ડરો સરકારી અધિકારીો સાથે સાંઠગાંઠ રચીને પોતાની ઈચ્છા મુજબની શરતો દસ્તાવેજમાં દાખલ કરાવવા પ્રયાસ કરે છે તેથી કેન્દ્ર સરકારે જ એક આદર્શ કરાર તૈયાર કરીને સમગ્ર દેશના તમામ રાજ્યોને અને કેન્દ્ર શાસિત પ્રદેશોને તેનો અમલ કરવાનો આદેશ આપી દેવો જોઈએ. ઘર ખરીદનારા ગ્રાહકો વતી કોર્ટમાં હાજર રહેલાં એડવોકેટ માનેકા ગુરૂસ્વામીએ કહ્યું હતું કે ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા તેઓ પણ આ પ્રકારના કરારનો અમલ થાય તેની તરફેણ કરે છે.

# મુખ્યમંત્રીએ રસ્તાઓની મરામત માટે કરી ૭૪.૭૦ કરોડ રૂપિયાની ફાળવણી

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ભારે વરસાદને કારણે આ વર્ષે રાજયના નગરોમાં માર્ગ રસ્તાઓને થયેલા નુકસાનની મરામત અને રોડ રિસરફેસના કામો માટે ૭૪.૭૦ કરોડ રૂપિયા મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત તત્કાલ મંજૂર કર્યા છે. ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં આ ચોમાસા દરમ્યાન ભારે વરસાદ અને હજુ પણ વરસાદની સ્થિતિ જોતાં શહેરી વિસ્તારોમાં રસ્તા માર્ગોને જે નુકસાન થયું છે તેનું રીપેરીંગ, રિસરફેસ તેમજ નાગરિક સુવિધા વૃદ્ધિના માર્ગ મરામત કામોમાં થર્મો પ્લાસટિક રોડ પેઈન્ટ, કર્બ પેઈન્ટ,સ્ટ્રીટ લાઈટ બોર્ડ અને રોડ સેફ્ટી ના કામો વગેરે માટે આ રકમ ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ કામો ઝડપથી હાથ ધરાય અને નાગરિકોને આવાગમનની સરળતા રહે તેમજ ઓછામાં ઓછી તકલીફ પડે તે હેતુસર તત્કાલ દરેક નગર પાલિકાઓને આ રકમ ફાળવવાનો જનહિત અભિગમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજયની અ-વર્ગ ની ૨૨ નગર પાલિકાઓને પ્રત્યેકને ૭૫ લાખ, બ-વર્ગ ની ૩૦ નગર પાલિકાઓને પ્રત્યેક ને ૬૦ લાખ, ક-વર્ગ ની ૬૦ નગર પાલિકાઓ ને પ્રત્યેક ને ૪૫ લાખ તેમજ ડ-વર્ગની ૪૪ નગર પાલિકાઓ ને પ્રત્યેક ને ૩૦ લાખ એમ રાજયની તમામ ૧૫૬ નગર પાલિકાઓ ને સમગ્રતયા ૭૪.૭૦ કરોડ રૂપિયા રોડ રસ્તા રીપેરીંગ રિસરફેસીંગ ના કામો માટે ફાળવવામાં આવ્યા છે.દર વર્ષે ચોમાસા દરમ્યાન ગુજરાતમાં રોડ-રસ્તાઓની હાલત ખસ્તા થઈ જાય છે. ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે નવા બનાવેલાં રસ્તાઓનું પણ ધોવાણ થઈ જતું હોય છે. ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદના શપથ લેતાની સાથે જ ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતુંકે, જ્યાં-જ્યાં વરસાદને કારણે રોડ-રસ્તાની હાલત ખરાબ છે તે તમામ રસ્તાઓનું ખુબ જ ઝડપથી સમારકામ કરવામાં આવશે. નાગરિકો-રાહદારીઓને કોઈપણ પ્રકારે અગવડતા ન પડે સરકાર તેની પુરતી કાળજી લેશે. જેના ભાગરૂપે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના રોડ-રસ્તાઓના સમારકામને મંજૂરી આપી છે.



# થોમસ નામના 'હેકર'ને કારણે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને વોટ્સએપ ઠપ્પ થઈ ગયા

નવી દિલ્હી,

ફેસબુકના સહ-સ્થાપક અને સીઈઓ માર્ક ઝુકરબર્ગને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ ડાઉન થવાથી ઘણું સહન કરવું પડ્યું છે. ઝુકરબર્ગની નેટવર્થ ૭ અબજ ડોલર (લગભગ ૫૨,૨૧૨ કરોડ રૂપિયા) ઘટી ગઈ છે. અબજોપતિઓની યાદીમાં તે હવે એક સ્થાન નીચે સરકી ગયા છે અને બિલ ગેટ્સથી પાંચમા સ્થાને છે. અગાઉ તે ચોથા સ્થાને હતો. આ સિવાય ફેસબુકનો શેર પણ ૫ ટકા ઘટી ગયો છેસોશિયલ મીડિયાની સૌથી વધુ ઉપયોગમાં લેવાતી એપ અચાનક બંધ થવા પાછળનું કારણ સામે આવ્યું છે. સોમવારે સાંજે અચાનક ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ફેસબુકના સર્વરો બંધ થઈ ગયા. આ ત્રણેય એપની સેવાઓ લગભગ છ કલાક પછી પુન સ્થાપિત કરવામાં આવી હતી. હવે માહિતી સામે આવી રહી છે કે થોમસ નામના હેકરને કારણે ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ફેસબુકની સેવાઓ અટકી ગઈ હતી. જેને અમેરિકાની ગુપ્તચર સંસ્થા FBI પકડશે. આની જવાબદારી એફબીઆઈ સાયબર ક્રાઈમ ઓફિસર જોન મેકકલેનને આપવામાં આવી છે. વોટ્સએપની સેવાઓ લગભગ છ કલાક સુધી બંધ રહી હતી. જેના કારણે સમગ્ર વિશ્વમાં લોકોને હાલાકી ભોગવવી પડી હતી. ફેસબુકે આ મામલે કોઈપણ પ્રકારનો ભંગ થયો હોવાનો ઈનકાર કર્યો હતો. કંપનીએ એક નિવેદનમાં કહ્યું, 'સેવાઓ સ્થગિત થવાનું મૂળ કારણ કોન્ફિગરેશમાં ફેરફારને કારણે હતુ. સેવાઓ અટકી જવાને કારણે વપરાશકર્તાના ડેટાના ભંગના કોઈ પુરાવા નથી. અમે વિશ્વભરના લોકો અને વ્યવસાયોના વિશાળ સમુદાય પર નિર્ભર છીએ. અમે તેમની માફી માંગીએ છીએ. અમને જણાવવામાં આનંદ થાય છે કે આ સેવાઓ હવે ફરીથી ઓનલાઈન પૂર્વવત થઈ ગઈ છે. ફેસબુક ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની માલિકી સ્વરુપની કંપની છે. જ્યારે સેવાઓ અટકી ગઈ હતી ત્યારે આઈફોન અને એન્ડ્રોઈડ બંને પર વોટ્સએપ વપરાશકર્તાઓ ફોન અથવા વિડીયો કોલ કે મેસેજ કરી શક્યા ન હતા આ ત્રણેય સોશિયલ મીડિયા એપના વપરાશકર્તાઓ કોઈ મેસેજ મોકલવા કે પ્રાપ્ત કરવામાં સક્ષમ નહોતો. આ ત્રણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વપરાશકર્તાઓ લાંબા સમય સુધી એરર આવતુ હતું. સેવાઓ પુનઃ સ્થાપિત કર્યા પછી, ફેસબુકના ચીફ ટેક્નોલોજી ઓફિસર માઈક શ્રોફરે જણાવ્યું હતું કે, "ફેસબુક સેવાઓ હવે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. સંપૂર્ણરીતે કાર્યરત થવામાં થોડો સમય લાગી શકે છે. હું દરેક નાના અને મોટા બિઝનેસ, પરિવાર અને અમારા પર નિર્ભર દરેકની માફી માંગુ છું.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## લીમડી-ચાકલીયા રોડ ઉપર

# હત્યા થયેલ યુવકના મૃતદેહનો ભેદ ઉકેલ્યો : પ્રેમ પ્રકરણમાં દંપતિએ હત્યા કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી થી ચાકલીયા તરફ જવાના માર્ગે લીલવા ઠાકોર ગામેથી રોડની બાજુમાં એક યુવકને કુરતાપુર્વક, ધારદાર હથિયારથી માર મારી મોતને ઘાટ ઉતારી લાશને ફેંકી દીધાનું ઘટનાને પગલે જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ કેસ સંબંધે એક્શનમાં આવેલ લીમડી પોલીસે આ ગુન્હાનો ભેદ ઉકેલવા માટે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ યુવકની હત્યા એક દંપતિએ કરી હોવાનું સામે આવતાં ચકચાર સાથે સ્તબ્ધતા મચી જવા પામી હતી. મૃતક યુવક અને પરણિતા વચ્ચે પ્રેમ સંબંધ હોય અને આ અંગેની જાણ પરણિતાના પતિને થઈ જતાં પરણિતા અને તેના પતિ દ્વારા યુવકને મોતને ઘાટ ઉતારવા પ્લાન બનાવ્યો હતો અને પરણિતાએ મળવાના બહાને યુવકને બોલાવી દંપતિ પાળીયા વડે ઉપરા છાપરી યુવકના શરીરે તેમજ માથાના ભાગે ઘા મારી મોતને ઘાટ ઉતારી લાશને ફેંકી દીધી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવવા પામ્યું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગત તા.૦૧.૧૦.૨૦૨૧ ના રોજ ઝાલોદ તાલુકાના લીમડીના દેપાડા ગામે રહેતાં સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ જોખનાભાઈ પરમાર (ઉ.વ.૪૦) ની લાશ લીમડી થી ચાકલીયા તરફ જવાના માર્ગે લીલવા ઠાકોર ગામની સીમના રસ્તાની બાજુમાંથી લોહીથી લથબથ હાલમાં શરીરે, ધારદાર હથિયારોની ઘા મારી હત્યા કરાયેલી લાશ સુનિલભાઈ ઉર્ફે સાધુની મળી આવી હતી અને તેની બાજુમાં તેની મોટરસાઈકલ પણ મળી આવી હતી. આ મામલે મૃતક સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ પરમારના ભાઈ અનીલભાઈ જોખનાભાઈ પરમારે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ આગલા દિવસે એટલે કે, તારીખ ૩૦મી સપ્ટેમ્બરના રોજ રાત્રીના આઠેક વાગ્યાના સમયે ભજનમાં જાઉં છું અને ચોક પરથી માણસો લેવા આવવાના છે, તેમ કહી ઘરેથી નીકળ્યાં હતાં અને વહેલી સવાર સુધી સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ ઘરે પરત ન આવતાં પરિવારજનો દ્વારા તેમની શોધખોળ આરંભ હતી અને ઉપરોક્ત સ્થળેથી તેમની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ બાદ એક્શનમાં આવેલ લીમડી પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી આરોપીઓને પકડી પાડવા ચક્રોગતિમાન કર્યાં હતાં. પોલીસે જુદી જુદી ટીમો બનાવી તપાસ કરતાં હતાં અને કોલ ડીટેઈલથી તપાસ કરતાં એક નંબર બંધ આવતો હતો અને છેલ્લીવાર સીમ ચાલુ થતાં તે નંબરને ટ્રેસ કરતાં આ નંબર સુનીલભાઈ ઉર્ફે સાધુભાઈના નામનું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે નેટવર્કના આધારે તપાસ કરતાં આરોપીઓનું પગેરૂં મળી આવ્યું હતું. આ મોબાઈલ ફોન વનિતાબેન કુમેન્દ્રભાઈ માનસીંગભાઈ નીનામા (રહે. કારઠ, ખેડા ફળિયું, તા. ઝાલોદ, જિ.દાહોદ) પાસે હતો. પોલીસે આ વનિતાબેન પાસે જઈ સઘન પુછપરછ સઘળી હકીકત બહાર આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

વનિતાબેન અને મૃતક સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ વચ્ચે પ્રેમ સંબંધ હતો અને સુનિલભાઈએ વનિતાબેનને મોબાઈલ ફોન આપ્યો હતો. આ અંગેની જાણ વનિતાબેનના પતિ કુમેન્દ્રભાઈ માનસીંગભાઈ નીનામાને થઈ ગઈ હતી અને દંપતિએ સાથે જીવવા માટે સુનિલભાઈનું કાસળ કાઢવાનું નક્કી કરી નાંખ્યું હતું. વનિતાબેને સુનિલભાઈને ફોન કરી મળવાના બહાને બોલાવ્યાં હતાં. આ સમયે વનિતાબેનના પતિ કુમેન્દ્રભાઈ નજીકમાં ઝાંડી ઝાંખમાં હાથમાં બે લોખંડના ધારદાર પાળીયા સાથે ઉભો હતો. સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ ત્યાં આવતાની સાથેજ ઉપરોક્ત દંપતિ સુનિલભાઈ ઉર્ફે સાધુભાઈ ઉપર ધારીયાથી તુટી પડ્યાં હતાં અને સુનિલભાઈને ઉપરા છાપરી શરીરે તેમજ માથાના ભાગે પાળીયાના ઘા મારી સ્થળપરજ મોતને ઘાટ ઉતારી નાસી ગયાં હતાં.

## દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામે પોલીસ સ્ટેશનની નજીકમાં આવેલા

# ભાજપના અગ્રણીને ત્યાં લાખો રૂપિયાની લૂંટ પાંચ દિવસ થવા છતા પોલીસ હવામાં બચકા ભરતી હોઈ તેમ લુટારૂઓનું પગેરૂ શોધવામાં પોલિસ નિષ્ફળ

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ પોલીસ મથકની નજીકમાં પંચેલા ગામે રહેતા એપીએમસીના ચેરમેન તેમજ આ વિસ્તાર ના ભાજપના અગ્રણીને ત્યાં રાત્રિના ના દસથી બાર જેટલા લૂંટારૂઓ ત્રાટક્યા હતા અને ૩૧લાખ થી વધું ની રોકડ તેમજ દર દાગીનાની લૂંટ ચલાવી લૂંટારૂઓ ફરાર લુટારૂઓ સીસીટીવીમાં કેદ લૂંટારૂઓને પકડવામાં પોલીસ હવામા બચકા ભરતી હોઈ તેમ પાંચ દીવસ થવા છતા હજી પણ લુટારૂઓની સગડ મેળવવામાં પોલીસ નિષ્ફળ.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ પોલીસ સ્ટેશન થી ૨૦૦મીટર નાં અંતરમાં પંચેલા ગામે રહેતા એપીએમસીના ચેરમેન તેમજ ભાજપ પાર્ટીના આ વિસ્તારમાં નેતા તેવા ભરતભાઈ રણછોડભાઈ ભરવાડ અને ભાજપના અગ્રણીના ઘરે ગત તારીખ ૨૯/૦૯/૨૦૨૧ નાં રાત્રીના રાત્રીના અઢી વાગ્યાના અરસામાં વાગ્યાના દસથી બાર જેટલા ચડ્ડી– બનિયાનધારી લૂંટારૂઓ મોં ઉપર બુકાની બાંધી ઘરના પાછળનો લોખંડના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા અને રૂમમાં આ ભરતભાઈ ભરવાડ સૂઈ રહ્યા હતા. તે રૂમમાં પ્રવેશી તેને જગાડી આ લુટારૂઓ હાથમાં લોખંડની કોષ તેમજ લાકડીઓ લઈ ભરત ભરવાડના જમણા પગે એક લુંટારૂ એ લાકડી મારી પગની ઈજા પહોંચાડી ભયનો માહોલ પેદા કરી ચોર લુંટારૂઓ તૂટક હિન્દી ભાષા ગુજરાતી અને આદિવાસી ભિલોડી ભાષા બોલતા આ લૂંટારૂઓએ તેને પહેરેલ સોનાની ચેન, વીટી, સોનાની લકી, ઘડિયાળ જેવા દાગીના ઉતરાવી લઈ રૂમમાં તિજોરીમાં મુકેલા દરદાગીના તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૩૧,૬૨,૦૦૦/– નો મુદ્દામાલ લઈ આ લૂંટારૂઓ ધાક– ધમકી આપી લુંટ ચલાવી લુટારૂઓ નાશી છૂટયા હતા. તે પછી આ લુંટ થયાંના બીજા દિવસે રેન્જ આઈ જી તેમજ જિલ્લા પોલીસ અધિકારી સહિતનાં ઉચ્ચ અધિકારીઓ બનાવના સ્થળે દોડી આવ્યા હતા અને તે પછી ચોવીસ કલાક પછી ફરીયાદ દાખલ કરવામાં આવી હતી અને તે પછી પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. ત્યારે આ બનાવને ત્રણ દિવસ પછી પોલીસની કેટલી એજન્સી જેમકે ડોગ સ્કોર્ડ, એફએસએલની મદદ લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી અને તે પછી પણ આ તપાસમાં પોલીસને કઈ હાથનાં આવ્યુ હોઈ તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે આજે પાંચ દિવસ થયા હોવા છતાં પણ પોલીસ આ લુંટારૂઓને પકડવા જાણે હવામાં બાચકા ભરતી તપાસ કરતી હોય તેમ જોવાઈ રહ્યું છે. આ પંથકમાં બહુચર્ચિત એવી આ લૂંટ પ્રકરણમાં પોલીસને કોઈપણ જાતનું પગેરૂં ન મળતાં આ લુટારૂઓ ને પકડવા પોલીસ નિષ્ફળ નીવડી હોય તેમ જોવાઈ રહ્યું છે. હવામાં બાચકા ભરતી પોલીસ કેટલા દિવસમાં આ કેસનો ઉકેલ લાવશે તેવા પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

- હિન્દી, ગુજરાતી અને આદિવાસી ભાષા બોલતા લૂંટારૂઓને પકડવામાં પોલીસ નિષ્ફળ.
- પોલીસ મથકની નજીક માં જ બનેલા લૂંટ બનાવને લઈ અનેક તર્કવિતર્ક.
- લાખો રૂપિયાની લૂંટમાં પોલીસ પગેરૂં મેળવવામાં નિષ્ફળ.
- સીસીટીવીમાં લૂંટારૂઓ કેદ ના ફૂટેજ લઈ ફરતી પોલીસ.

# દાહોદ તાલુકા પંચાયતની પેટા ચુંટણીનું પરિણામ આવ્યું : ૩ સીટ પર ભાજપનો કબ્જો

દાહોદ,

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ત્રણ તાલુકા પંચાયત સીટ પર ગત રોજ મતદાન યોજાયું હતું અને આજરોજ આ ત્રણે તાલુકા પંચાયત સીટનું પરિણામ જાહેર થવા પામ્યો છે. જેમાં ત્રણ પૈકી બે સીટો પર ભાજપે કબ્જો જમાવ્યો છે અને એક સીટ પર અપક્ષે કબજો જમાવ્યો છે. જેમાં દેવગઢ બારિયા તાલુકાની કેલીયા તાલુકા પંચાયત સીટ પર ભાજપે વિજય મેળવ્યો છે. તેવી જ રીતે દાહોદ તાલુકામાં આવેલ આગાવાડા પંચાયત સીટ પર પણ ભાજપે કબ્જો જમાવ્યો છે. ત્યારે ગરબાડા તાલુકામાં આવેલ સીમલીયાબુઝર્ગ તાલુકા પંચાયત સીટ પર અપક્ષ કબજો જમાવ્યો છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લામાં આવેલ ૩ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીનુ મતદાન ગત રોજ યોજાયું હતું. જેમાં દેવગઢ બારિયા તાલુકામાં આવેલ કેલીયા તાલુકા પંચાયત સીટ દાહોદ તાલુકાની આગાવાડા તાલુકા પંચાયત સીટ અને ગરબાડા તાલુકામાં આવેલ સીમલીયા બુઝર્ગ તાલુકા પંચાયત સીટ માટે ગત રોજ મતદાન થયું હતું આજરોજ આ ત્રણે તાલુકા પંચાયત સીટ નું પરિણામ જાહેર થયું હતું. જેમાં બે સીટો પર ભાજપે કબ્જો જમાવ્યો હતો. ત્યારે એક સીટ પર અપક્ષ કબજો જમાવ્યો છે.

દેવગઢ બારિયા તાલુકાના કેલીયા ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. કુલ મતદાન ૪૦૫૮ જેમાં કોંગ્રેસ પક્ષને ૨૪૮ મત જયારે ભાજપને ૩૭૧૦ મત અને નોટામાં ૧૦૦ મત જેમાં ભાજપના ઉમેદવાર રમેશ સુમતભાઈ બીલવાળ ૩૪૬૨મતની લીડથી વિજય મેળવ્યો હતો. ભાજપમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. ભાજપે કેલીયા પંચાયતની બેઠક જાળવી રાખી ધારાસભ્ય સહિત જિલ્લા પંચાયત સભ્યો તેમજ તાલુકા પંચાયત કાર્યકરોએ વિજેતા ઉમેદવારને ફૂલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.

દાહોદ તાલુકામાં આવેલ આગાવાડા તાલુકા પંચાયત સીટમાં પણ ભાજપના ઉમેદવાર સુરેશભાઈ મેઘાભાઈનો ૫૯૯ મતોથી વિજય થયો હતો.

ગરબાડા તાલુકા પંચાયતની સીમલીયાબુઝર્ગ સીટની વાત કરીએ તો ત્યાં અપક્ષ બાજી મારી ગઈ છે. જેમાં અપક્ષના ઉમેદવાર ચુનાભાઈ વીરસિંગભાઈ વહોનીયા ૮૫૯ મતોથી વિજય મેળવ્યો હતો.

# નિર્દોષ વાહન ચાલકોને RTO વિભાગના અધિકારીઓ દ્વારા હેરાન પરેશાન કરતા હોવાની પણ છડેચોક બૂમો

દાહોદ,

દાહોદમાં એક ટ્રક ડ્રાઈવરને હેરાન પરેશાન કરતો કિસ્સો અને સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડિયો પ્રમાણે જાણવા મળી રહ્યું છે. દાહોદ જિલ્લાના પીપલોદ આસપાસમાં આવેલ ટોલટેક્ષ ખાતે એક ટ્રક ડ્રાઈવર પસાથઈ રહ્યો હતો. ત્યારથી RTOના કેટલાક કર્મચારીઓ પોતાના વાહનો સાથે ટોલટેક્સ પર આવ્યા હતા અને ત્યાંથી પસાર થતી એક ટ્રકને ઊભી રાખી હતી. એક ટ્રક ડ્રાઈવરના જણાવ્યા અનુસાર તેઓની પાસે આરટીઓની ગાડી લઈ કેટલાક RTO ના કર્મચારીઓ આવ્યા હતા અને બેફામ ગાળો બોલી ટ્રકના ચાલકને કહેલ કે, ગાડીનો કોઈ ટેક્સ અથવા તો કોઈ વીમો, વિગેરે



કાગળ વિગેરે નથી. તો ૫૦,૦૦૦/ – રૂપિયા આપવા પડશે માટે ટ્રકના ડ્રાઈવર અને ક્લીનર દ્વારા ટ્રક ઊભી રાખી હતી અને સાઇડમાં કરવાની કોશિશ કરી રહ્યા હતા. ત્યારે RTOના કર્મચારીઓ દ્વારા દાદાગીરી અને લુખ્ખાગીરી કરી ડ્રાઈવર અને ક્લીનરને બેફામ ગાળો બોલવા લાગ્યા હતા. ડ્રાઈવર અને ક્લીનર દ્વારા હાઈવે રસ્તા પર ભારે અવર જવર હોવાને કારણે પોતાની ટ્રક સાઇડમાં ઊભી રાખવા જણાવતા RTOના કર્મચારીઓ ટસનામસ થયા ન હતા અને આખરે ટ્રકના ડ્રાઈવરે પોતાની ટ્રક સાઇડમાં કરવા જતા અકસ્માત સર્જાયો હતો. ટ્રક રસ્તાની સાઈડમાં પલ્ટી ખાઈ ગઈ હતી. જેને પગલે ટ્રકના ચાલક અને ક્લીનરમાં ભારે આક્રોશ ફેલાવા પામ્યા હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં RTOના કર્મચારીના ત્રાસથી તમામ લોકો હાલ હેરાન પરેશાન છે. ત્યારે આ મામલે ઉચ્ચસ્તરીય તપાસના આદેશો આપવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

# વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત ઝાલોદના વિદ્યાર્થીઓને વન્યસૃષ્ટિનો પરિચય આપવામાં આવ્યો





દાહોદ,

વિદ્યાર્થીઓ પણ વન્યસૃષ્ટિ પ્રત્યે પરિચિત બને એવા ઉદ્દેશ સાથે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આઈ.પી. મિશન હાયર સેકન્ડરી સ્કૂલ, ઝાલોદ ખાતે નાયબ વન સંરક્ષક, દાહોદના માર્ગદર્શનથી સા.વ. રેંજ ઝાલોદ દ્વારા પરીક્ષેત્ર વન અધિકારી સહિતના કર્મયોગીઓ દ્વારા વન્યજીવ તથા પર્યાવરણ સંરક્ષણ વિશે શાળાના બાળકોને માહિતગાર કરવામાં આવ્યા. તદઉપરાંત શાળાના બાળકોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું તથા વન્યજીવ અને પર્યાવરણને લગતા સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું. શાળાના બાળકોને તુલસી, દાડમ, જામફળ, શેતુર વગેરે રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત લીમખેડાની સાયન્સ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો



દાહોદ,

દાહોદ જિલ્લામાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લામાં આ નિમિત્તે યોજાઇ રહેલા વિવિધ કાર્યક્રમોના ક્રમમાં આજે નાયબ વન સંરક્ષક આર. એમ. પરમારના માર્ગદર્શન હેઠળ બારીયા વન વિભાગ તથા સામાજિક વનીકરણ વિભાગ, દાહોદની સંયુક્ત કાર્યશાળા સાયન્સ કોલેજ, લીમખેડા ખાતે યોજાઇ હતી.

કાર્યક્રમમાં મદદનીશ વન સંરક્ષક પ્રશાંત તોમરએ વન્ય જીવ સંરક્ષક ધારો ૧૯૭૨ અંતર્ગત કાયદાઓ બાબત માર્ગદર્શન આપ્યું. મદદનીશ વન સંરક્ષક દેવગઢ બારીયા ડો. મીનલ જાનીએ ગુજરાતની જૈવિક વિવિધતા વિગતે વાત કરી હતી. ભારતના વિવિધ ટાઇગર રિઝર્વની આસપાસના અર્થતંત્ર વિશેની રસપ્રદ માહિતી આપી હતી. કાર્યક્રમમાં બારીયા વન વિભાગ તથા દાહોદ વન વિભાગના તમામ મદદનીશ વન સંરક્ષક, પરિક્ષેત્ર વન અધિકારીઓ, ફોરેસ્ટરો, બીટગાર્ડ તથા વટેડા મંડળીના સભ્યો તથા પ્રકૃતિ મિત્ર મંડળના સંભ્યો સહિતના લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદનાં અંતરિયાળ પાળ્રી ગામમાં રહેતા ગરીબ આદિવાસી પરિવારે પ્રધાનમંત્રી આવાસ યોજનાની મદદથી ઘર બનાવ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વર્ષો નીકળી જતાં હોય છે. પોતાનું સપનું સાકાર કરવામાં, અથાગ પરિશ્રમ કરવાની તૈયારી છતાં પણ સપના, સપના રહી જતા હોય છે. દાહોદનાં છત્રસિંહ બારીઆને પોતાનું પાકું ઘર બનાવવાની ઇચ્છા સાથે એક ઉંમર પસાર થઇ ગઇ છતાં પણ પોતાના પરિવારને પાકું ઘર ન આપી શકયા. આખરે ૫૮ વર્ષની ઉંમરે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવી તેઓ પોતાના આ સપનાને સાકાર કરી શક્યા. સરકાર દ્વારા સહાય મળતાં જ છત્રસિંહે પોતાના કુંટુંબ સહિત મહેનત કરીને ફક્ત છ મહિનામાં જ પાકું ઘર બનાવી દીધું હતું. આ યોજના અંતર્ગત તેમને દોઢ લાખથી પણ વધુની સહાય પ્રાપ્ત થઇ છે.

દાહોદનાં પાળ્રી ગામમાં પોતાના સાત જણાંના પરિવાર સાથે રહેતા છત્રસિંહ જોખનાભાઇ બારીઆ વર્ષોથી પોતાનું પાકું મકાન બનાવવા માંગતા હતા. ખેતી અને મજૂરીકામ કરતા છત્રસિંહ પાસે આ માટે જરૂરી આવક નહોતી. પરિવારનું ગુજરાન તેઓ સરળતાથી ચલાવી શકતા હતા પરંતુ પાકું મકાન બનાવવા માટે તેમની પાસે કોઇ બચત હતી નહી.

પાળ્રી ગામના છત્રસિંહે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ લીધો અને વર્ષ ૨૦૧૯માં તેમને આ યોજના અંતર્ગત સહાયનો પહેલો હપ્તો રૂ. ૩૦ હજાર મળ્યાં. ત્યાર બાદ તબક્કાવાર તેમને રૂ. ૫૦ હજાર અને રૂ. ૪૦ હજાર મળ્યા. આ યોજના અંતર્ગત છ મહિનામાં મકાન તૈયાર કરી દેવામાં આવે તો અતિરિક્ત રૂ. ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. છત્રસિંહે છ મહિનામાં જ મકાન બનાવી દેતાં તેમને આ સહાય પણ પ્રાપ્ત થઇ. આ ઉપરાંત મકાન બનાવવા માટે જાતે જ મજૂરી કરી હોય તો નરેગા યોજના સહાય આપવામાં આવે છે. છત્રસિંહે આ મકાન બનાવવા પોતાના કુંટુંબ સહિત જાતે જ મહેનત કરીને તૈયાર કર્યું હોય નરેગા યોજના હેઠળ રૂ. ૧૭૨૮૦ ની સહાય પ્રાપ્ત થઇ અને છત્રસિંહના પરિવારનું પોતાના ઘરનાં ઘરનું સપનું સાકાર થયું. સરકાર પ્રત્યે ધન્યવાદભાવ વ્યકત કરતા છત્રસિંહ બારીઆ જણાવે છે કે, વર્ષોથી અમે કાચા મકાનમાં રહેતા હતા. કાચા મકાનમાં અનેક અગવડો રહેતી અને જંગલી જાનવરોનો ડર પણ રહેતો. પોતાનું પાકું મકાન બનાવવાની મારી ઇચ્છા હતી, પરંતુ કદી પણ એટલા પૈસાની બચત થઇ શકતી નહોતી.

# દાહોદ જીલ્લામાં હાલમાં નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહી છે જે દે.બારીયા તાલુકામાં કયાંક દેખાવા મળતી નથી

દે.બારીયા,

નશાબંધી અને આબકારી કચેરી ગુજરાત રાજ્ય તા.૦૨/૧૦/૨૦૨૧ થી તા.૦૮/૧૦/૨૦૨૧ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરી રહી છે. જેના ભાગરૂપે દાહોદ જીલ્લામાં પણ નશાબંધી સપ્તાહની ઉજવણી ખાલી કાગળો ઉપર થતી હશે. દે.બારીયા શહેર અથવા તાલુકાના કોઈપણ ગ્રામ્યમાં આ નશાબંધીનો કોઈ જ કાર્યક્રમ દેખવા મળ્યો નથી. મળતી માહિતી મુજબ મહાત્મા ગાંધીના જન્મદિન ૨ જી ઓકટોમ્બર થી ૮ ઓકટોમ્બર સુધી નશાબંધી સપ્તાહની હાલ ઉજવણી એક નૈતિક નિશ્ચિત નિર્ણય અને આવકારદાયક યોજના છે. ગાંધીના ગુજરાતમાં જેટલું દારૂ પીવાય છે. તેના કરતાં બમણું ટ્રકો ને ટ્રકો પકડવામાં આવે છે. તે દારૂ અડધા થી ઉપર સગેવગે કરી દેવામાં આવે છે. જેથી જે દારૂ પકડવામાં આવે તે સમય થી કસ્ટડી સુધીનું વિડીયો રેર્કોડીંગ કરવામાં આવે અને કસ્ટડીમાં રાખેલ દારૂને પણ સીસીટીવીની નિગરાણીમાં મુકવામાં આવે તો સગેવગે કરાતું બંધ કરાય તો આ પકડાયેલા દારૂનો દુરઉપયોગ બંધ થશે. જે નષ્ટ કરવામાં આવે છે. તેમાં દારૂના ખાલી બોકસ જ મુકવામાં આવે છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી એ દેશને આપેલા રચનાત્મક કાર્યક્રમોનું એક અંગ એટલે "નશાબંધી" ગમે તેટલા વિરાટ કાર્ય યોજનાઓ હાથ ધરીએ આવક વધારીએ પરંતુ જ્યાં સુધી સમાજમાં નશાનું દુષણના માર્ગ એટલે આંકડાઓ ખુલ્લા હોય ત્યાં સુધી વ્યકિત દેશ કે સમાજની આર્થિક પ્રગતિ થઈ શકતી નથી. હાલમાં દે.બારીયા શહેરમાં સરદાર પોલીસ ચોકીના ૨૦૦ મીટરમાં દારૂનો વેચાણ બેરોકટોક ચાલે છે. દિવસે પણ કવાટરીયા લઈ લોકો છાંટકા બનીને ખુલ્લે આમ રોડ ઉપર પીધેલા દેખવા મળે છે. શું આપણને મહાત્મા ગાંધીએ જે ઉપદેશો આપેલા છે. તેને યાદ કરવા ન જોઈએ. દારૂ થી આત્માનો વિનાસ થાય છે. દારૂ પાછળ દિવાનાપણું વ્યભીચારી, જુગાર વગેરે આપે છે. જો આપણે દારૂની બુરી ટેવ માંથી પ્રજાને છોડાવવી શકીએ તો તેને એક જેલ માંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી. એ જગ પ્રસિદ્ધ વાત છે. દારૂના વ્યસન માંથી દારૂ પીનારને છોડાવવાનો પ્રયત્ન દરેકે મળીને કરવો જોઈએ. એ મહાત્મા ગાંધીના કથનો છે. પરંતુ અહીં એટલે ગાંધીના ગરવી ગુજરાતમાં ઉલ્ટું છે. સાંજે દરેક પોલીસ સ્ટેશનો તેમજ પોલીસ પોઈન્ટોમાં મોટાભાગના પોલીસ કર્મીઓ નશાની હાલતમાં તમને જોવા મળશે. તો પછી ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીનું નાટક કયાં સુધી કરાતું રહેશે. તે યક્ષ પ્રશ્ન છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.38

## ગોધરા તાલુકાના બેટીયા જંગલમાં હત્યા કેસ

# માત્ર ૫ હજાર રૂા.ની લેતી-દેતીમાં મિત્ર એ છરાના ઘા મારી મિત્રની કરી હત્યા

ગોધરા, ગોધરા તાલુકાના બેટીયા જંગલ માંથી ગોધરા સીમલા રોડ ઉપર ઓઈલ અને સ્પેર પાર્ટસનો ધંધો કરતા વેપારીનો હત્યા કરેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. હત્યારાને ઝડપી પાડવા તાલુકા પોલીસ અને એલ.સી.બી. પોલીસ કરી રહી હતી. તપાસ દરમિયાન ૫,૦૦૦/-રૂપીયાની લેતીદેતીમાં યુવકની હત્યા કરાયાનું ખુલવા પામ્યું હતું. પોલીસે હત્યારાને ઝડપી પાડી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો.

ગોધરા શહેર સીમલા રોડ ઉપર ઓઈલ અને સ્પેર પાર્ટસનો વેપાર કરતાં મહમંદ હનીફ દસ્તગીરી બદામ જે શુક્રવારની સાંજ થી ગુમ થયેલ હોય જેની ભાળ મેળવવા માટે પરિવાર દ્વારા



શોધખોળ કરવામાં આવી હતી. તેમ છતાં નહિ મળી આવતાં પરિવારજનો દ્વારા પોલીસ મથકે ફરિયાદ કરી સાથે સોશ્યલ

> ગોધરા સીમલા રોડ ઉપર ઓઈલ અને સ્પેર પાર્ટસનો ધંધો કરતાં મહંમદ હનીફ દસ્તગીરી બદામ જે આરોપી સલમાન મહંમદ હનીફ ચુંચલા પાસે ૫,૦૦૦/-રૂપીયા માંગતો હોય જેની ઉઘરાણી કરતાં મરણજનાર મિત્રને છેતરીને બેટીયા જંગલમાં લઈ ગયો હતો. અને છરાના ઘા મારીને નિર્મમ હત્યાને અંજામ આપ્યો હોવાની વિગતો સામે આવતાં લોકો ફીટકાર વરસાવી રહ્યા છે.

મીડીયામાં ફોટો વાયરલ કર્યો હતો. તે વેપારી યુવકનો મૃતદેહ અમદાવાદ હાઈવે રોડ ડાંકટરના મુવાડા પાસે બેટીયા જંગલમાં તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરેલ હાલતમાં મળી આવ્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધી હત્યારાને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. તેમાં એલ.સી.બી. પોલીસ પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસના ટેકનીકલ સર્વેલન્સના આધારે વેપારી યુવકની હત્યામાં સલમાન મહંમદ હનીફ ચુંચલા રહે. ડાકોર રોડ, સિંગ્નલ ફળીયા સંડોવાયેલ હોય તેવી માહિતીના આધારે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે આરોપીની પુછપરછ હાથ ધરતાં ૫,૦૦૦/-રૂપીયાની લેતીદેતીમાં મહંમદ હનિફ દસ્તગીરી બદામને છેતરીને બેટીયા જંગલમાં લઈ ગયો હતો. ત્યાં છરાના ઉપરા છાપરી ઘા મારીને હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.

## કાલોલ પાલિકા વિસ્તારના રસ્તાઓ ચોમાસામાં ખખડધજ બનતા પાલિકા પ્રમુખ દ્વારા રસ્તાના કામો માટે કોન્ટ્રાકટરને નોટીસ ફટકારી

કાલોલ, કાલોલ પાલિકા વિસ્તારમાં બે વર્ષમાં બનેલા રસ્તાના કામો માટે નગરજનોમાં હલ્કી ગુણવતા વગરની કામગીરી થયેલ હોવાની બુમો ઉઠી રહી હતી. ત્યારે પાલિકા પ્રમુખ દ્વારા રસ્તાના કામો કર્યા હોય તેવા કોન્ટ્રાકટરને નોટીસ આપવામાં આવી છે.

કાલોલ નગર પાલિકા વિસ્તારમાં ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી બનેલા રસ્તાના કામો જેમાં નવા બનેલ રસ્તાઓમાં મહેશ નગર નાળા થી પટેલ પાર્ટી પ્લોટ, વલ્લભ ગેટ થી ભાથીજી મંદિર રોડ, ભાથીજી મંદિર નવનીત કાછીયાના મકાન સુધી અને ત્યાંથી મહાલક્ષ્મી મંદિર તેમજ ગોર્વધનજી હવેલી થી સ્મશાન સુધીના રસ્તાનો નવા બનેલ છે.



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

જ્યારે ૨૬ જેટલા રસ્તાના કામો રિસટફેસિંગ કરવામાં આવ્યા હતા. તેવા રસ્તાઓ ચોમાસાના વરસાદમાં ધોવાઈ જતાં કોન્ટ્રાકટરો શરતો મુજબ કામ કરતા ન હોવાની બુમો ઉઠવા પામી હતી. પાલિકા વિસ્તારની હલ્કી અને ગુણવત્તાના રસ્તાઓને લઈ સોશ્યલ મીડીયામાં પાલિકાની કાર્ય પદ્ધતિ સામે રોષ ઠલવાઈ રહ્યા હતો. ત્યારે પાલિકા તંત્ર હવે એકશનમાં આવ્યું છે. અને મુખ્ય રસ્તાઓ બનાવવામાં જવાબદાર એવા ૧૩ સીસી રોડના કોન્ટ્રાકટરસ અંબર કન્સ્ટ્રકશન (ડીસા), સજારા બિલ્ડર્સ (કપડવંજ), આર.બી.ઠાકોર કન્સ્ટ્રકશન (વડોદરા), રાજેશ્રી કન્સ્ટ્રકશન સહિતના કોન્ટ્રાકટરોને નોટીસ પાઠવીને ટેન્ડરની જોગવાઈ મુજબ રસ્તાની ગુણવત્તા બાબતે ખુલાસો કરવા અને જરૂરી કામ યોગ્ય રીતે પૂર્ણ કરવા માટે શોકોઝ નોટીસ ફટાકારવામાં આવી છે. કાલોલ પાલિકા પ્રમુખ સેફાલીબેન ઉપાધ્યાય એ નગરજનોની લાગણી યોગ્ય ગણાવી છે અને પાલિકામાં નગરના વિકાસ માટે ફળવાયેલા નાણાંના વ્યય ન થાય તેવા નકકર કામ કરવા માટે મકકમતા દર્શાવી છે. સાથે પાલિકા વિસ્તારમાં કામ કરતા કોન્ટ્રાકટરોને ટેન્ડર મુજબ કામ કરવાનું સુચન પણ કરવામાં આવ્યું છે.

## ગોધરા તાલુકાની નદીસર તાલુકા પંચાયત બેઠક પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય

ગોધરા, ભાજપના ચૂંટાયેલા સભ્ય દ્વારા રાજીનામું આપતા ખાલી પડેલ ગોધરા તાલુકા પંચાયતની નદીસર બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ ના મહિલા ઉમેદવાર રાધાબેન ભગવાનભાઈ પરમારનો વિજય થયો છે.

ત્રણ ઓક્ટોબરના રોજ નદીસર તાલુકા પંચાયત વિસ્તાર ના આઠ બુથો પર થઈને ૭૫ ટકા જેટલું સારૂં મતદાન થયું. ત્યાર બાદ આજરોજ ગોધરા મામલતદાર ઓફીસ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૭૧૩૭ મત માંથી ૫૩૨૩ મતોનું મતદાન થયું હતું.




તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

મત ગણતરીમાં શરૂઆતના તબક્કામાં ભાજપના ઉમેદવારને સરસાઈ મળી હતી. મત ગણતરીના અંતે ભાજપના ઉમેદવાર રાધાબેન પરમારને ૩૦૫૬ મત મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચેતનાબેન પુવાર ને ૨૦૨૬ જયારે કોંગ્રેસના ઉમેદવાર હિનાબેન પરમારને ૧૫૨ મત મળ્યા હતા. અપક્ષ ઉમેદવાર રંજનબેનને ૪૦ અને નોટામાં ૪૯ મત પડ્યા હતા. આમ ભાજપના ઉમેદવારનો ૧૦૩૦ મતની સરસાઈ થી વિજય થયો હતો. નદીસર તાલુકા પંચાયતની બેઠકની ચૂંટણીએ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બન્યો હતો અને ચૂંટણી પ્રચારમાં ભાજપ દ્વારા મતદાનના છેલ્લા કલાકો સુધી એડી ચોટીનું જોર લગાવી દેવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત સભ્ય તરીકે ચુંટાઈ આવેલ રાધાબેન પરમારને જિલ્લાના અગ્રણી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ગોધરા સબ જેલ ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમ તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



ગોધરા, ગોધરા સબ જેલ ખાતે આજે આઝાદી કા અમૃત મહોત્સવ અને વન મહોત્સવ અંતર્ગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ પંચમહાલ અને સબ જેલ ગોધરાના સંયુક્ત ઉપક્રમે કાનૂની માર્ગદર્શન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સબ જેલનો પોલીસ સ્ટાફ, સબ જેલના કેદીઓના પરિજનો સહિત સબ જેલના જેલર અને સ્થાનિક નગરપાલિકાના કાઉન્સિલરો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અગ્રણી પત્રકાર પણ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ અનુરૂપ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. પર્યાવરણ બચાવોના વિષયે માર્ગદશન આપતા અગ્રણી પત્રકાર ડો.હર્ષદ મહેરાએ પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ કરવા પર ભાર મૂકી તેમજ પ્લાસ્ટિકના ઉપયોગને લઈને પર્યાવરણ તેમજ માનવ જાતને થતા ગંભીર નુકસાન વિશે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતાં. આ સાથે જેલના બંદીવાન જેલમાંથી જ્યારે પરત ફરે ત્યારે પર્યાવરણ વિશે અનુરૂપ બહોળી પ્રચાર કરે તે હેતુસર જેલ સુપ્રિટેન્ડન્ટ એમ એન રાઠવા દ્વારા વિશેષ માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યુ હતું.

## ગોધરા તાલુકાના છારીયા ગામે બાઈક અને મોટરકાર વચ્ચે અકસ્માત સર્જાતા બે વ્યક્તિઓને નાનીમોટી ઈજાઓ પહોંચી

ગોધરા, ગોધરા તાલુકાના તાજપુરા છીપા ગામે રહેતા બાધરભાઈ બારીયા અને તેઓના પત્ની સુમિત્રાબેન ગત ૩૦ તારીખે બાઈક લઈને સામાજિક પ્રસંગે ઘોઘંબા તાલુકાના જોરાપુરા ગામે જઈ રહ્યા હતા. તે વેળાએ તેઓ છારિયાં ગામ નજીકના રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાલિયકુવા તરફથી પૂરઝડપે આવી રહેલ મોટરકારના ચાલકે તેઓની બાઈકને ટક્કર મારી હતી. જેને લઈને બાધરભાઈ અને સુમિત્રાબેન રોડ પર પડી ગયા હતા અને બેભાન થઈ ગયા હતા. જેને લઈને તેઓને સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસમથકે મોટરકારના ચાલક સામે નંબરના આધારે ફરિયાદ નોંધાવા પામી છે.

## બી. ફાર્મસી કોલેજ રામપુરા દ્વારા ફાર્મસી દિવસની ઉજવણી



ગોધરા, નુતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત બી.ફાર્મસી કોલેજ રામપુરા, ગોધરા દ્વારા વર્ષ ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્ષ ચલાવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ.સી.ટી.ઈ. અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દિલ્હીથી માન્યતા મળેલ છે.

આ સંસ્થા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવસિટી સાથે પણ જોડણ ધરાવે છે. હાલ ની વૈશ્વિક બીમારીને ધ્યાનમાં લઈને, બી.ફાર્મસી કોલેજ રામપુરા GSPC સ્પોન્સર એક દિવસીય ફાર્મસી દિવસનું આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી ઘણા ફાર્મસીસ્ટોએ રજિસ્ટ્રેશન કર્યા હતા. અને ઘણી પ્રવૃતિમાં ભાગ લીધો હતો. જેમાં ફાર્મા-રંગોળી, ફાર્મા-પ્રશ્નોતરી, ફાર્મા-ચિત્ર, અને ફાર્મા-પોસ્ટર જેવી પ્રવૃતિઓ રાખી હતી. જેમાં દરેક પ્રવૃતિના વિજેતાઓને રોકડ ઈનામો તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. દરેક પ્રવૃતિમાં ભાગ લેનારને પણ સંસ્થા દ્વારા પ્રમાણપત્ર એનયત કરાયા હતા. આ ઉજવણી માં પણ GSPC ના રજીસ્ટ્રાર શ્રી. જશુંભાઈ ચૌધરી અને ડો. મહેન્દ્રસિહ રાઠોડ ગિતાંજલી ફાર્મસી કોલેજ, રાજસ્થાન ના પ્રિન્સીપાલે ભાગ લીધો હતો.

આ ઉજવણીની સફળતામાં નુતન એજ્યુકેશન ટ્રસ્ટના જે. આર.પટેલ તથા આર.આર.પટેલ પ્રિન્સિપાલ ડૉ. એમ.બી. શંકર, વાઈસ પ્રિન્સિપાલ ડૉ.સુરેશ જૈન, કો-ઓડિનેટર રાજેશ્રી મકવાણા અને કોલેજના તમામ સ્ટાફ અને GSPC નું મહત્વનું યોગદાન છે.

## જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પંચમહાલ આયોજિત ધોરણ-૫ પર્યાવરણના નવીન પાઠ્ય પુસ્તક માટેનો તાલીમ વર્ગ યોજાયો

ગોધરા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ દ્વારા ધોરણ ૫ ના પર્યાવરણના નવીન પાઠયપુસ્તકનો માસ્ટર ટ્રેનર્સ તાલીમવર્ગ બીઆરસી ભવન ગોધરાના અંબાલી છાત્રાલય મુકામે યોજવામાં આવ્યો હતો. જેમાં તાલીમના કન્વીનર તરીકે ડાયટના સિનિયર લેક્ચરર ઉમેશભાઈ ચૌહાણ સાથે વિષયના રિસોર્સ પર્સન તરીકે સી.આર.સી.કો-ઓર્ડીનેટર કૌશિકભાઈ પટેલ અને શિક્ષકો માંથી ચિરાગભાઈ પટેલ, ભરતભાઈ ખાંટ, કુમુદિની પટેલ અને રમેશભાઈ પરમાર જોડાયા હતા અને તેમણે નવા પાઠ્ય પુસ્તકમાં સમાવિષ્ટ વૈજ્ઞાનિક અભિગમ, બીજા વિષયો સાથે અનુબંધ, સ્થાનિક સંદર્ભોનું જોડાણ, પર્યાવરણના શિક્ષણના હેતુ આધારિત અધ્યયન નિષ્પત્તિઓ અને તેના આધારે મોડ્યુલમાં સમાવિષ્ટ પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન તેમજ પર્યાવરણ સંબંધિત તાલીમી ગીતો અને પર્યાવરણ વિશે અભ્યાસ સાથે સંકળાયેલી વિવિધ પદ્ધતિઓથી ઉપસ્થિત માસ્ટરટ્રેનર્સો સજ્જ કરવામાં આવ્યા. આ તાલીમવર્ગમાં જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.વી.એમ.પટેલ અને બીઆરસી કો.ઓર્ડીનેટર જીગ્નેશ પટેલે મુલાકાત લઈ વર્ગખંડો સુધી તાલીમની અસરકારકતા જળવાઈ રહે અને બાળકોમા ભવિષ્યમાં સાચા અર્થમાં પર્યાવરણની જાળવણી માટે નું વલણ ઘડતર થાય તે દિશામાં કામગીરી કરવા માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

## હાલોલ નગરમાં કચરાના ઢગલાને લઈને ગંદકી

હાલોલ, હાલોલ નગરમાં ડેંગ્યુ તેમજ ચિકનગુનિયા રોગચાળો વાકરવાની શક્યતાઓ સેવાય રહી છે. ત્યારે હાલોલ નગરમાં આવેલા શાકમાર્કેટ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે.જેથી હાલોલના નગરજનોમાં આ ગંદકીના ઢગલા હટાવવામાં આવે અને પાલિકા દ્વારા દવાનો છંટકાવ અને ફોંગીગ કરવામાં આવે તેવું ઈચ્છી રહ્યા છે. વરસાદને લઈને કચરાના ઢગલામાં પાણી પડતાં ગંદકી વધુ પ્રમાણમાં ફેલાઈ છે. ત્યારે તત્પર ધોરણે સફાઈ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.હાલમાં રોગચાળાએ ડેન્ગ્યુ અને ચીકનગુનિયા જેવા રોગચાળો માથું ઉચક્યું છે. ત્યારે હાલોલ નગરમાં ઠેરઠેર ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં આવેલા હાલોલ શહેર માં ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે.

## ગોધરા શહેરના વૃત્તાલય વિહારમ સ્વામિનારાયણ મંદિર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ગોધરા, વડતાલ ગાદીના સમર્થ ૧૦૦૮ આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને યુવાચર્ય ૧૦૮ નૃગેન્દ્રપ્રસાદજીની આજ્ઞા આશીર્વાદ અને માર્ગદર્શન થી એસ.વી.જી. ટ્રસ્ટના માદયમ થી શ્રીલક્ષ્મી નારાયણ દેવ યુવક મંડળ ગોધરા દ્વારા શ્રી વૃત્તાંલય વિહારમ સ્વામિનારાયણ મંદિર ગોધરા ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો.હર્ષિલ શાહ તેમજ અન્ય સાથી ડોકટર મિત્રો સહિત ટીમ દ્વારા સેવાનો લાભ આપ્યો હતો. આ સર્વરોગ નિદાન કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓ તેમજ હરિ ભક્તોએ લાભ લીધો હતો. જેમાં ECG પણ દર્દીઓને નિઃશુલ્ક કાઢી આપવામાં આવ્યા હતા.

## વેજલપુર ખાતે ધોરણ- ૬માં પ્રવેશ માટે પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ નવોદય વિદ્યાલય સમિતીની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરવા

ગોધરા, પંચમહાલ જિલ્લાના વેજલપુર ખાતે કાર્યરત જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સત્ર ૨૦૨૨-૨૩ માટે જવાહર નવોદય વિદ્યાલયોમાં ધોરણ-૬માં પ્રવેશ માટે અરજી (આવેદનપત્ર) મંગાવવામાં આવી છે. આ અરજી જમા કરવા માટે ઓનલાઈન પોર્ટલ તા. ૨૩/૦૯/૨૦૨૧થી શરૂ થયું છે. અરજીપત્રક નવોદય વિદ્યાલય સમિતીની વેબસાઈટ www.navodaya.gov.in પર આપેલ લિન્કના માધ્યમથી નિઃશુલ્ક ભરી શકશે. વિદ્યાર્થી સત્ર ૨૦૨૧-૨૨માં જિલ્લાની સરકારી કે ખાનગી માન્યતા પ્રાપ્ત શાળામાં ધોરણ-૫માં અભ્યાસ કરતા હોવો જોઈએ. તેની જન્મતારીખ તા. ૦૧/૦૫/૨૦૦૯થી તા. ૩૦/૦૪/૨૦૧૩ની વચ્ચે હોવી જોઈએ. વિદ્યાર્થી ધોરણ-૩-૪-૫ માં સળંગ અભ્યાસ કરતા હોવા જોઈએ. જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬માં પ્રવેશ લેતા સમયે ઉમેદવારે ધોરણ-૫ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. પ્રવેશ પત્ર ભરવાની અંતીમ તારીખ ૩૦.૧૧.૨૦૨૧ છે. જ્યારે પરીક્ષાની તારીખ તા.૩૦.૦૪.૨૦૨૨ છે. વધુ માહિતી માટે આચાર્ય, જવાહર નવોદય વિદ્યાલય, વેજલપુર, જિલ્લા પંચમહાલનો સંપર્ક કરવા કે હેલ્પલાઈન નંબર (૯૫૩૭૭૦૦૫૪૭) પર ફોન કરવા આ અખબારી યાદીમાં જણાવાયું છે. જવાહર નવોદય વિદ્યાલય ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત સંપૂર્ણ આવાસીય તથા સહશિક્ષણની સુવિધા ધરાવતી નિવાસી શાળા છે. જ્યાં છોકરા તથા છોકરીઓ માટે અલગ-અલગ રહેવાની તથા તેમની દેખરેખ માટે અલગ-અલગ શિક્ષક-શિક્ષિકાઓની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

## ટીચિંગ એક્સેલેન્સ એવોર્ડ- ૨૦૨૧ની પસંદગી યાદીમાં ઓલ ઈન્ડિયા લેવલે- ૧૬મું સ્થાન પ્રાપ્ત કરી ઘોઘંબા તાલુકાના પ્રતિનિધિત્વની સફળતા

ઘોઘંબા, મુ.જેપુરા તા.હાલોલ જિલ્લો પંચમહાલ ખાતે સંત સન્માન કાર્યક્રમ આદરણીય પ્રવીણસિંહ પરમાર (પૂર્વ ચેરમેન જિલ્લા શિક્ષણ સમિતિ પંચમહાલ-ગોધરા) દ્વારા યોજવામાં આવ્યો. આ સાથે-સાથે ટીચર એક્સેલેન્સ એવોર્ડ-૨૦૨૧ બિકાનેર-રાજસ્થાન દ્વારા ટપાલના માધ્યમથી પહોંચાડવામાં આવેલ હતો. જે આજે પંચમહાલ જિલ્લાના પૂજનીય સંતો સંત પ્રસાદ સ્વામી (અખિલ ભારતીય સંત સમિતિ પંચમહાલ જિલ્લાના અધ્યક્ષ), રામ શરણદાસ મહારાજ (અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ), કલ્યાણ દાસ મહારાજ (સનાતન આશ્રમ ઘેલાપુરી), લાલા બાપુ-નારાયણ ધામ- તાજપુરા (અખિલ ભારતીય સંત સમિતિ અંતર્ગત હિન્દુ સેના અધ્યક્ષ પંચમહાલ જીલ્લો), સંત વિક્રમ દાસ મહારાજ (સનાતમ આશ્રમ દેવાપુરા- મલાવ), રમેતીરામ મહારાજ (સતકૈવલ મંદિર રણભૂજ ઘાટી અને સનાતન આશ્રમ જેપુરાના ટ્રસ્ટી) પ્રીતમદાસ મહારાજ (કબીર આશ્રમ રણજીત નગર), પૂજ્ય બાપજી (રામજી મંદિર કંજરી) નાઆશીર્વાદ દ્વારા




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

રમેશભાઈ રાઠવા (ચેરમેન જિલ્લા શિક્ષણ સમિતિ, પંચમહાલ-ગોધરા) સુભાષભાઈ પરમાર (પ્રમુખ ક્ષત્રિય સમાજ હાલોલ,) જસવંત સિંહ પરમાર (પૂર્વ કારોબારી અધ્યક્ષ જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરા તથા પૂર્વ અધ્યક્ષ પંચમહાલ જિલ્લા ભાજપ), રામચંદ્ર ભાઈ બારીયા સરપંચ ગોપીપુરા ગ્રામ પંચાયત અને સંસ્થાપક નીલકંઠ હોટલ હાલોલ) ની વિશેષ ઉપસ્થિતિમાં અર્પણ થયેલ છે. કામગીરીની કદરના ભાગરૂપે થયેલ સન્માન બદલ હું સૌ સંત સમાજ, કાર્યક્રમના યજમાન આદરણીય પ્રવિણસિંહ પરમાર, તેમનો સમગ્ર પરિવાર તથા ઉપસ્થિત સર્વે સ્નેહીજનો, વડીલો અને જેપુર શાળાના આચાર્ય અતુલભાઇ પંચાલ તથા શિક્ષકોનો આભાર વ્યક્ત કરૂં છું.

આ સાથે સાથે "શ્રી રંગ સેવા તીર્થ ફાઉન્ડેશન"-વડોદરા તથા પ્રમુખ કનુભાઇ લીમ્બાચીયા સાથે છેલ્લા પાંચ વર્ષથી જોડાયેલો તેઓના માધ્યમથી સમાજમાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં નોટબુક, ચોપડા ઓ, શૈક્ષણિક સામગ્રી, વિધવા બહેનોને બ્લેન્કેટ વિતરણ, ગામડાની શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને બ્લેન્કેટ વિતરણ, કોરોના કાળમાં માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ કરીને સમાજની સેવાનો સહભાગી થવાનો અવસર મળ્યો છે ત્યારે સમગ્ર રંગ સેવા તીર્થ ફાઉન્ડેશનનો આભારી છું.

વડોદરા સ્થિત મહેન્દ્રભાઈ કડિયા અને સ્ટેલિન ફાઉન્ડેશન-વડોદરા દ્વારા કોરોનાના સમયમાં સેનેટાઈઝર, માસ્ક અને ઉનાળાની ગરમીમાં કામ કરતા મજૂર વર્ગ તથા પોલીસ જવાનો માટે નાસ્તાના ફૂડ પેકેટ અને પાણીની બોટલ વિતરણ કરવાનો અમૂલ્ય લ્હાવો મળ્યો છે. ત્યારે આપ સૌનો પણ ખુબ ખુબ આભારી છું.

"મૈત્રી મંડળ સેવા ટ્રસ્ટ આણંદ મુંબઈ અને વડોદરા" મુકેશભાઈ પટેલ અને નટુ દાદા દ્વારા પણ કોરોનાના સમયમાં પંચમહાલ જિલ્લાના નિરાધાર બાળકોને રાશન કીટ વિતરણ કરવી, વિધવા મહિલાઓને અનાજ વિતરણ કરવુ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવી આવા અમૂલ્ય કાર્યો કરવાની તક મળી છે. ત્યારે આપ સૌ ભગીની સંસ્થાઓનો હૃદય પૂર્વક ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું. સાથે સાથે સમગ્ર વડીલો અને મિત્રોનો તથા સર્વ સ્નેહીજનો પ્રેરણા અને પ્રોત્સાહન બદલ ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું. આ સિદ્ધિ ફક્ત ફક્ત મારી નથી પરંતુ આપ સૌ મારા શુભેચ્છકોને સમર્પિત કરૂં છું.